**24th**

**September, 2023**

**રવિવાર,**

**સવારે 9:00 કલાકે**



# JAIN KRANTI
# જૈન ક્રાંતિ

Vol. 14 | Issue 5 | Mumbai | September - 2023| Price Rs. 25/- | Pages : 64

પારસધામ – ગિરનારના પ્રાંગણે

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબના કૃપાપાત્ર સુશિષ્ય

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના

53rd જન્મોત્સવ અવસરે


## માનવતા મહોત્સવ

કરૂણાનો અંતરનાદ ▪ માનવતાનો અનુનાદ

**પારસધામઃ**
**રૂપાયતન રોડ,**
**ભવનાથ, જુનાગઢ**

**વધુ માહિતી માટે સંપર્કઃ**
**+91 7303000666**

**રહેવાની વ્યવસ્થા માટેઃ**
**+91 7303000444**



# સેવાને કામ નહીં, સાધના માનવી જોઈએ !




સૌજન્ય: શ્રી મહેતા પરિવાર

JAIN KRANTI

# જૈન ક્રાંતિ

5th September 2023, YEAR: 22, ISSUE - 270

PAGES : 60 + 4 • RETAIL PRICE : ₹ 25

# આ છે મારો પ્રકલ્પ !

એક હોય **કેવલી** અને એક હોય **તીર્થંકર.**
કેવલી **'સ્વ કલ્યાણકારી'** હોય અને
તીર્થંકર **'સ્વ અને સર્વ કલ્યાણકારી'** હોય.

કેવલી 'સ્વ સાધના' કરી સિદ્ધ થાય અને
તીર્થંકર 'સ્વ સાધના'થી પ્રાપ્ત સિદ્ધિને સર્વને પમાડવાનો પુરુષાર્થ કરે.

**'સ્વ'** અને **'સર્વ'** કલ્યાણકારી પરમ ગુરુદેવની એક જ કરુણા ભાવના....
હું જે પામ્યો તે સર્વ પામે અને સર્વને પમાડવાના ભાવ સાથે
એમણે શરૂ કર્યા ક્રાંતિકારી પણ આત્મ કલ્યાણકારી
**અલગ અલગ પ્રકલ્પો...**
એ પણ એક બે કે પાંચ દસ નહીં, પૂરી

## A TO Z ની SERIES !

જેથી પ્રભુએ બતાવેલ 10 પ્રકારની અલગ અલગ રુચિવાળા
દરેક ભાવિક પોતાની રુચિ પ્રમાણે જોડાઈ શકે અને પોતાનું આત્મિક કલ્યાણ સાધી શકે !

જૈન ક્રાંતિના આ અંકમાં,
**પરમ ગુરુદેવની A to Z series**
માત્ર એ જ ભાવથી પ્રકાશિત કરવામાં આવી છે,
જેથી આપ પણ આપની રુચિ અનુસારના પ્રકલ્પમાં જોડાઈ,
આપના આત્માનું હિત, શ્રેય અને કલ્યાણ કરી આ અમૂલ્ય માનવભવ સાર્થક કરી શકો !

**જો...જો માત્ર વાંચશો જ નહીં, આપની રુચિ શેમાં છે, એનું ચિંતન કરી,**
**એ પ્રકલ્પને, આપનો પ્રકલ્પ બનાવશો !**

: FORMER EDITOR :
SHREE RASIKBHAI PAREKH

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: EDITOR :
SHREE PRATIMABEN BADANI
SHREE KUNJANBEN CHHEDA

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

Printed at
Arihant Printing Press
Ghatkopar (E), Mumbai - 400 077
and
Published at
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai - 400 099

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : +91-9324808181

**TO KNOW MORE ABOUT**
**PUJYA GURUDEV**
**CONTACT ON: +91-9860905678**

## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની

# A TO Z SERIES પરમાર્થની



**પરમનો visionary પરમાર્થ...**
**'સિદ્ધપુરુષ એ હોય, જે કંડારેલી કેડી પર ન ચાલતાં, સ્વયંના vision પ્રમાણે, એક નવી જ કલ્યાણકારી કેડી કંડારે અને લાખો આત્માઓને એ કેડી પર ચાલતાં કરી, આત્મ કલ્યાણના માર્ગ પર લઈ આવે'.**

## જગત વાત્સલ્ય...

તીર્થંકર પ્રભુના અનંત ગુણોમાં એક ગુણ હોય છે. જગતના દરેકે દરેક જીવ પ્રત્યેનો વાત્સલ્ય ભાવ !

એવું કહેવાય છે કે, જેવી અંતરની પ્રકૃતિ એવી જ દેહની આકૃતિ. અંતરના અપાર વાત્સલ્ય ભાવનો પરિચય આપતાં તીર્થંકર પ્રભુના દૈહિક લક્ષણો પણ સામાન્ય વ્યક્તિના દેહ કરતાં કંઈક વિશિષ્ટ પ્રકારના હોય છે. એમના દેહ પર છાતીની મધ્ય ભાગમાં 'શ્રી વત્સ' ચિન્હ હોય છે. જે એમના જગત પ્રત્યેના વાત્સલ્ય ભાવની સાક્ષી પૂરે છે, એમનું રુધિર પણ સફેદ દૂધ જેવું અને એમના બાહુ એટલે કે હાથ પણ અજાન બાહુ હોય છે, જે અનેકોને સંસાર સાગર તરાવી દેવાની લાક્ષણિકતા છે.

તીર્થંકર પ્રભુના પુણ્ય એટલા ઉત્કૃષ્ટ હોય, ભવ્ય જીવોને તારવાની એમની ભાવના એટલી શ્રેષ્ઠ હોય કે ભગવાન બોલે ઓછું પણ એમના પુણ્ય એમના અપૂર્ણ કાર્યને પૂર્ણ બનાવી દે !

એવા જ પરમ પુણ્યના સ્વામી હોય છે, ગુરુ કે આચાર્ય !

**ભવ્ય જીવો પ્રત્યે જેમના હૃદયમાં વાત્સલ્યની ભાવના હોય, એમને તારવાની કરુણા ભાવના હોય એ જ ગુરુ હોય.**

વિશ્વના જીવ માત્ર પ્રત્યે જેમના હૃદયમાંથી અપાર કરુણા અને વાત્સલ્ય ભાવ વહી રહ્યો છે, એવા પરમ પુણ્યના સ્વામી અને અનેકોને તારી લેવાની લાક્ષણિકતા ધરાવતા અજાનબાહુ તેમ જ અંકુશ, શંખ આદિ અનેક પ્રકારના વિશિષ્ટ પદ ચિન્હો સાથેની વિશિષ્ટ દેહાકૃતિ ધરાવતું વિરાટ વ્યક્તિત્વ એટલે **રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ !**

હે પ્રભુ ! બીજાનું દુ:ખ જોઈ શકું, સમજી શકું, નિવારી શકુ એવી મને દૃષ્ટિ આપજો ! આવી કરુણા ભાવના સાથે પરમ ગુરુદેવના જીવનની ક્ષણ ક્ષણ વ્યતીત થઈ રહી છે, પરમાર્થમાં !

વેદનાથી પીડાતા પશુ પંખીઓને શાતા પમાડવી હોય કે પછી અશક્ત લાચાર વડીલોને કોઈ સહાય પમાડવી હોય કે જરૂરિયાતમંદ દર્દી હોય કે જરૂરીયાતમંદ વિદ્યાર્થી હોય, પ્રભુના શાસનની પ્રભાવના કરવાની હોય, જીવોનું આત્મ કલ્યાણ કરવાનું હોય કે પછી સમાજ વિકાસના કાર્યો કરવાના હોય, સંયમી આત્માઓની સેવા - વૈયાવચ્ચ કરવાની હોય કે રાષ્ટ્રહિત લક્ષી કોઈ કાર્ય કરવાનું હોય ! એવું કોઈ ક્ષેત્ર બાકી નથી જ્યાં પરમ ગુરુદેવનું પરમાર્થ પ્રસર્યું ન હોય.

પરમ ગુરુદેવના પ્રકૃષ્ટ પુણ્યોદયના કારણે, એમના પરમાર્થ કાર્યમાં જોડાયેલાં બે હાથને મળી રહ્યો છે હજારો હાથનો સથવારો ! માટે જ, પરમાર્થની પ્રેરણા આપતાં એમના માત્ર બે શબ્દો, બે વચનો કે અલ્પ વચનો પણ એમના પરમાર્થ કાર્યોને બનાવી દે છે વિશ્વગામિની !

ત્યારે ન માત્ર સમગ્ર ભારતમાં પરંતુ વિદેશોના ક્ષેત્રોમાં પણ સર્જાય છે, એમના એ A to Z પરમાર્થકાર્યોની અતૂટ series!

# એક ઉત્સાહ

A

Since 2015

# AARADHYA ART GALLERY



નટકન્યાના પ્રેમમાં મોહાંધ બનેલાં ઈલાયચી કુમાર દોરડા પર નૃત્ય કરતાં કરતાં કેવળ જ્ઞાન પામીને દોરડા પર જ ભગવાન બની ગયાં, તે ઘડી કેવી હશે ? પ્રભુને બાકુડા વ્હોરાવતાં જ માથે સુંદર વાળ અને બેડીના બંધનથી મુક્ત થયેલી ચંદનબાળાના હૃદયમાં પોતાનાથી દૂર જઈ રહેલાં પ્રભુ મહાવીરને નિહાળીને શું થતું હશે ? રાજમહેલને ત્યજીને જંગલની વાટે જઈ રહેલાં રાજકુમાર વર્ધમાન અને કારમી વેદનાઓ સાથેની સાડા બાર વર્ષની સાધનાના પરિણામ સ્વરૂપ કેવળજ્ઞાન પામી રહેલાં પ્રભુ મહાવીર, આ બે ક્ષણોના સર્જન સમયે કેવું વાતાવરણ હશે ? કેવા સંયોગો હશે ? દેહની ચામડી ઉતરવાની અસહ્ય વેદનાને સમભાવે સહન કરી રહેલા સ્કંધક મુનિની એ સમયની મુખમુદ્રા કેવી હશે ? ભરત પર મુક્કો મારવા ઉંચા કરેલા હાથે કેશલુંચન કરીને યુદ્ધ ભૂમિમાંથી સંયમ માર્ગ પર જઈ રહેલાં બાહુબલીની તે ક્ષણની ખુમારી કેવી હશે ? ? ? કેવી હશે ? ? ? કેવી હશે ? ? ? ઇતિહાસની આ યાદગાર ગૌરવવંતી ક્ષણોને જો ફરીને જીવંત સજીવન કરવામાં આવે તો ! ! ! જૈન દર્શનના ગૌરવનું આ જગતને દર્શન કરાવવામાં આવે તો ! ! ! આવા પરમ ગુરુદેવના હૃદયના ઉત્સાહ ભાવથી સમગ્ર જૈન સમાજના ઇતિહાસમાં પ્રથમવાર સર્જન પામ્યો...

જૈન દર્શનની ગૌરવવંતી ઘટનાઓને તાદૃશ્ય કરતી કલાત્મક, બેનમૂન, કાબિલેદાર સુંદર, બોલતી જીવંત paintingsનો કલાખંડ **'આરાધ્ય Art Gallery!'**



## ફલ શ્રુતિ:

કુશળ ચિત્રકારની બેજોડ કલા સાથે સર્જન પામેલી એક એક paintings, જાણે યુગો યુગો પહેલાં ઘટેલી ઘટનાના live viewers હોવાની અનન્ય અનુભૂતિ દરેક જોનારી વ્યક્તિને કરાવી રહી છે, અહોભાવિત કરી રહી છે અને બસ જૈન દર્શનનો ઉજળો ઇતિહાસ જાણે કે rewind થઈ રહ્યો છે.

ARHAM YUVA SEVA GROUP
PAROPKAR SE PARMATMA

A

માર્ગ ભૂલેલાં આ યુવા જીવન પથિકોને સન્માર્ગ પર કેવી રીતે લાવવાં ? ભાન ભૂલેલાં આ અબુધ જીવોને જાગૃત કેવી રીતે કરવા ? દુર્ગતિની ગર્તામાં ડૂબી રહેલા આ યુવાનોને કલ્યાણના કિનારે કેવી રીતે લાવવા ?

**આ યુવાપેઢી જ તો**
**શાસનનું ભવિષ્ય છે.**
**આ યુવાપેઢી જ તો**
**સંઘ-સંપ્રદાયનું ભવિષ્ય છે.**
**આ યુવાનો જ તો ભવિષ્યના**
**શ્રાવક- શ્રાવિકાઓ છે.**

# ARHAM YUVA SEVA GROUP

**Since 2005**

# એક ચિંતન...

આ યુવાનો જો આવા સ્વચ્છંદી બની રહેશે તો પ્રભુના જ્ઞાનનો વારસો કોણ જીલશે ? ગુરુ-શિષ્યની ઉજળી પરંપરા કેવી રીતે આગળ વધશે ? આવનારી પેઢીનું ભવિષ્ય શું હશે ? શું હશે ? શું હશે ?

**આ એક ચિંતન, આવું એક મનન હિતચિંતક પરમ ગુરુદેવની અંતર ઊંડાણને સ્પર્શ્યું અને ઉદ્ભવ થયો અર્હમ યુવા સેવા ગ્રુપનો !**

## ફલ શ્રુતિ:

- ધર્મ ક્ષેત્રમાં કદી પગ પણ ન મૂકનારા આજના યુગના હજારો modern youngsters માટે ધર્મક્ષેત્ર પ્રિય બની ગયું.
- પ્રભુના જ્ઞાનની ABC પણ ન જાણતા આજના educated હજારો youngsters આગમ શાસ્ત્રોની વાતોને જાણવા લાગ્યાં, સમજવા લાગ્યા અને જીવનમાં આચરણ પણ કરવા લાગ્યાં.

**Centers: 55+**
**Arhamities: Thousands of Youngsters**
**Achievment: Mega પસ્તી Collections**
**અંતર્ગત 1,13,519kgs પસ્તી Collection કરી**
**Limca book of world recordમાં ગૌરવવંતુ સ્થાન**

- વેદનાગ્રસ્ત, પીડિત, દુ:ખી અને લાચાર એવા જીવોની સેવા કરતાં કરતાં હજારો youngsters સ્વાર્થી મટીને પરમાર્થી બન્યાં, કઠોર મટીને કરુણાવાન બન્યા !
- હજારો યુવાનોની મહેનત - જહેમત અને સેવા ભાવનાથી સમગ્ર ભારત અને વિદેશના ક્ષેત્રમાં પણ હજારો લાખો દુ:ખી- લાચાર જીવો શાતા- સમાધિ પામી રહ્યાં છે, ભૂખથી ટળવળતાં હજારો જીવોને ભરપેટ ભોજન મળી રહ્યું છે, તરસ્યાને પાણી અને દર્દીને દવા મળી રહી છે, નિરાધારને આધાર અને બેઘરને ઘર મળી રહ્યાં છે, અબુધને બોધિત અને નિરક્ષરને સાક્ષર બનાવવામાં આવી રહ્યાં છે.
- વ્યસની એવા સેંકડો યુવાનો વ્યસની મટી ત્યાગી -તપસ્વી બની ગયાં.

- વિશેષ તો આ groupના માધ્યમે સેવા અને માનવતાના કાર્યો કરતાં કરતાં કેટલાંય highly educated યુવાનો સત્યનો બોધ પામીને મુનિત્વ સ્વીકારી પ્રભુ પંથના પથિક બની ગયા.
- **અર્હમ યુવા સેવા ગ્રુપની ફલશ્રુતિની વણઝાર વણથંભી છે, અતૂટ છે, નિરંતર છે. બસ, માર્ગ ભૂલેલાને સન્માર્ગ મળી ગયા. ભાન ભૂલેલાંને સત્યના ભાન થઈ ગયા અને કેટલાંક આ સંસાર સાગરને તારનારી ગુરુ-શિષ્યની ઉજળી પરંપરાના વારસદાર બનવા પાત્રવાન બની ગયાં !**

- પરમાત્માને કદી વંદન પણ ન કરનારા હજારો યુવાનો શ્રદ્ધા અહોભાવથી પ્રભુની ભક્તિ કરવા લાગ્યાં.
- સ્વચ્છંદી life styleમાં ભવિષ્યને બગાડી રહેલા હજારો youngsters પોતાના અહંકાર ભાવને શૂન્ય કરીને માનવતાના કાર્યો માટે ઘરે ઘરે જઈને પસ્તી collect કરવાં લાગ્યાં.

**FOR JOINING AYSG**
**Contact: +917666708869**
**Email: support@arham.org**
**www.arham.org**

## સેવા, સાધના અને સમર્પણતા સાથે સત્કાર્યોની શ્રૃંખલા...



**Education Support**
Since: 2006
35,000+ Students
100+ પછાત વિસ્તારની શાખાઓ




**Probook**
Since: 2017
More than 15,00,000+
Probook Distributed

**Pasti se Pustak**
Since: 2011
EVERY YEAR
More than 1,00,000+ kg
Pasti Collected



**Arham Paathshala**
Since: 2022
2100+ Students





**Arham Emergency Medical Sahay**
Since: 2021
EVERY YEAR
2.5 Crore Distributed



**Arham Dialysis Sponsored**
Since: 2017
26,200+

**Arham**
Cataract Sahay
Since: 2009
**1500+** Patients



**Arham Blood**
Donation Camp
Since: 2001
**EVERY YEAR**
**150+** Bottles of Blood Collected





**Arham Ambulance**
Sahay (Animals treated)
Since: 2022
**30,000+**
Ambulance - 11



**Arham** Jeevdaya
Since: 2007
**8,50,00,000+ કિલો**
સાડા આઠ લાખ મણ
ઘાસનું વિતરણ

**Arham** Anukampa
Since: 2019
**60+** Legs to cows
**60,000+** માછલીઓને અભયદાન



**Abhaydaan** Abhiyaan
Since: 2014
**24,263**
Jeevs Rescued





**Arham** Jeevdaya Rath
Since: 2019
**EVERY DAY**
₹ **15000+** Food served
to the Voiceless



**Arham Disaster** Relief
Since: 2005
Nepal, Banaskantha, Mumbai, Junagadh, Solapur, Kolkata, Latur etc.

**Arham Annadaan**
Sahay - Since: 2007
**EVERY YEAR**
₹ **31,00,000+**
5000+ Grocery Kits



**Arham** Aahar
Since: 2013
**EVERY YEAR**
More than
**5,00,000+**
Meals served



**Mega Chaas** Vitran
Since: 2014
EVERY YEAR
1,00,000+ Glasses served



**Gift Mithaai,**
Spread Mithaas
Since: 2018
EVERY YEAR
50,000+ Boxes Distributed






**Arham Ashram** Sahay
Since: 2005
100+
Supported by Activity



**Arham Jal** Mandir
Since 2010
60+

**Roti** Abhiyaan
Since 2020
More than
1,25,00,000



**Arham Blanket**
Distribution
Since: 2009
EVERY YEAR 14,000+





**Arham** Sadharmik Mall
₹ 70,00,000+
Per family ₹ 5000
સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, ગુજરાત, કચ્છ



**Welcome** Zindagi
Since: 2016
EVERY YEAR
960+ Mother & Child Supported

**Arham INC.** USA
Arham Inc. USA is a non profit 501 (c)(3) organization that provides community welfare to the unprivileged, supports Luvin Arms an animal sanctuary to stand up against animal cruelty and humanitarian activities to the NGO's of India.



સૌજન્ય: શ્રી ગુરુભક્ત, કોલકાતા

# AAGAM AWARENESS

## Since 2009


# એક અહોભાવના...

A

**• આગમ મહોત્સવ યોજાયા •**

કોલકત્તા, મુંબઈ,
મહારાષ્ટ્રના વિવિધ ક્ષેત્રો અનકાઈ, જલગાંવ,
આદિ ક્ષેત્રોમાં

## આગમ મહોત્સવ




વિશ્વની દરેક સમસ્યાનું સમાધાન જેમાં સમાયું છે એવા શ્રેષ્ઠ આગમ ગ્રંથો પ્રત્યે આજના youngsters અને બાળકોના હૃદયમાં જિજ્ઞાસા અને પ્રેમ જાગૃત કરવા માટે પરમ ગુરુદેવની અહોભાવનાએ યોજાયા **ભવ્યાતિભવ્ય આગમ મહોત્સવ.**

આગમ Exhibition,આગમ quiz - competition, આગમ ઋણયાત્રા, હસ્તિ રત્નના શુકનવંતા આગમ અભિષેક, આગમ Decoration, આગમ projects, આગમ પૂજન આદિ અનેક પ્રકારના ભવ્યાતિભવ્ય અનુષ્ઠાનોમાં દેશ-વિદેશના હજારો ભાવિકો જોડાયાં.



# એક વેદના... Since 2003

## AAGAM MANDIR

32 આગમ ગ્રંથો સ્વરૂપ

**આગમ મંદિર**

અનેક અનેક ધર્મસ્થાનકોમાં અને
હજારો ભાવિકોના ઘરે સ્થાપિત થયાં




હિન્દુ ધર્મગ્રંથ 'ભગવદ્ ગીતા'થી સહુ પરિચિત હોય, મુસ્લિમ ધર્મગ્રંથ 'કુરાન' જગતમાં પ્રચલિત હોય, ખ્રિસ્તી ધર્મગ્રંથ 'બાઇબલ' પણ well known હોય. પણ મારા પ્રભુના શ્રેષ્ઠ આગમ ગ્રંથ વિશે દુનિયા અજાણ હોય !

**આવી પરમ ગુરુદેવના હૃદયની વેદનામાંથી, ઘરે-ઘરે સ્થાપિત થયાં, 'આગમ મંદિર'.**

## ફલ શ્રુતિ

આગમ શબ્દથી પણ અજાણ એવા હજારો ભાવિકો આગમથી પરિચિત બની ભાવિત - અહોભાવિત બન્યાં.

- હજારો ભાવિકો આગમ વાંચન કરતાં થયાં.
- અજ્ઞ ભાવિકો પણ આગમ જ્ઞાનથી સમૃદ્ધ બન્યાં અને બસ, અક્ષરદેહે પ્રભુ હૃદયમાં બિરાજી ગયાં.

## Since 2013



## JAIN AAGAM.ORG

Read Aagam Books Online:
https://jainaagam.org/download_ebooks.html

પ્રભુ કથિત આગમ જ્ઞાનના 32 ગ્રંથોને પોતાના આવાસમાં સ્થાપિત કરીને એનું વાંચન- સ્વાધ્યાય કરવું શ્રેષ્ઠ છે. પરંતુ દરેક વ્યક્તિ માટે આગમ ગ્રંથોને આવાસમાં સ્થાપિત કરવાની અનુકૂળતા કે વ્યવસ્થા ન પણ હોય. તો એવા ભાવિકો પણ દુનિયાના કોઈપણ સ્થાન કે કોઈ પણ સમયે આગમ વાંચન કરી શકે એના માટેની સુંદર વ્યવસ્થા jainaagam.org અંતર્ગત કરવામાં આવી છે.

ગુજરાતી ભાષામાં આગમ ગ્રંથોનો પરિચય, 32 આગમમાં કયા કયા વિષયનું જ્ઞાન આપવામાં આવ્યું છે એની summary તેમજ સંપૂર્ણ 32 આગમ ગ્રંથની PDF jainaagam.org website પર ઉપલબ્ધ કરવામાં આવી છે. જેથી કોઈપણ ભાવિકને કોઈપણ સમયે, 32માંથી કોઈપણ આગમને વાંચવાનું મન થાય તો સહજતાથી આ websiteના માધ્યમે વાંચી શકે.

# એક સૂચન

A



પરમાત્માએ એક ગુણ બતાવ્યો છે 'ઉપ્પબૃહણ્ણા' કોઈના સત્કાર્યની, કોઈના ગુણોની, કોઈએ કરેલા સદ્વ્યવહારની પ્રશસ્તિ કરીને, એને પ્રોત્સાહિત કરીને એને ધર્મના માર્ગે આગળ વધારવા.

## AWARD ARPAN

## Since 2017

પરમાત્માના આ સૂચનને અનુસરીને પરમ ગુરુદેવની પ્રેરણાથી, સંઘ-સમાજ-સંપ્રદાય કે રાષ્ટ્રની સેવા માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપનારા સેવાભાવી ભાવિકોને Awardની અર્પણતા કરીને એમની 'ઉપ્પબૃહણ્ણા' કરવામાં આવે છે.

શ્રી બૃહદ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘના નેતૃત્વમાં ચાલતી જૈન શાળાઓમાં યોગદાન આપનારાને.... શ્રેષ્ઠ સંઘ, શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ શ્રાવક કે શ્રાવિકા માટેના Award અર્પણ થાય !

Look n Learn જૈન જ્ઞાનધામમાં શ્રેષ્ઠ યોગદાન આપનારાને... શ્રેષ્ઠ દીદી, best creative idea આપનાર આદિ અનેક પ્રકારના Award અર્પણ થાય !

સંઘ- સમાજ અને સંપ્રદાયની સેવા માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપનારાને તેમજ સમાજની સેવામાં પોતાનું જીવન અર્પણ કરી જનારાને અનુક્રમે Param award અને 'જીવન સાર્થક સન્માન'- મરણોત્તર award અર્પણ થાય !

## પરિણામ:

- 'સેવામાં જીવનની સાર્થકતા છે.' આજની યુવા પેઢી અને સમગ્ર સમાજને મળી આ પાવન પ્રેરણા.

**અને બસ, સેવા ભાવના- સેવાભાવીઓના બહુમૂલ્ય સન્માન થઈ ગયાં !**

# સુખ પ્રેરક નહીં, શુભ પ્રેરક બનો.

# I'm Sorry

B

વહેલી સવારના સંભળાઈ ગયેલું ગીત, આખો દિવસ એ જ મનમાં ગૂંજ્યા કરે. એકવારની અંકિત થયેલી પાણીના રેલાની આકૃતિ પર ફરી ફરીને એ જ આકૃતિમાં પાણી રેલાતું રહે. કોરી પાટી અને કોરા canvas જેવા બાલ માનસ પર અંકિત થયેલાં સંસ્કારો, જીવનના અંતિમ શ્વાસ સુધી અસર કરતાં રહે.

# એક અભ્યર્થના...

**BAAL PARYUSHAN**

**Since 2006**

**કોરા canvas જેવા બાલ માનસ પર માત્ર આ જનમ માટે જ નહીં પરંતુ જનમ જનમ માટે ધર્મના, ભાવ-ભક્તિના, ત્યાગ - તપશ્ચર્યાના સંસ્કારોને અંકિત કરી લેવાની પરમ ગુરુદેવના અંતર ઊંડાણની અભ્યર્થનાએ દર વર્ષે બાળકો માટે પણ વિશેષરૂપે આયોજિત થઈ રહ્યાં છે, બાલ શૈલીના, બાલ પર્યુષણ !**

બાલ શૈલીની નાની નાની ત્યાગ-તપશ્ચર્યા, બાલ શૈલીની નાની-નાની સાધના-આરાધના, ભક્તિભાવના અને બાલ હૃદયના નાના-નાના પાપ-દોષોની બાલ આલોચના વિધિ આદિ અનેકવિધ અનુષ્ઠાન સાથે દેશ-વિદેશના હજારો બાળકોને પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવામાં આવે છે.

## ફલ શ્રુતિ:

- પર્યુષણની આરાધના કરવાના ભાવ હોવા છતાં બાળકના કારણે ધર્મક્ષેત્રમાં ન જઈ શકતી હજારો માતાઓ પોતાના બાળકને બાલ પર્યુષણમાં જોડીને નિશ્ચિંત બની ધર્મક્ષેત્રમાં આરાધના કરી શકે છે.
- બાલ પર્યુષણ ભાવિના અનેક ભગવંતોને સર્જી રહ્યું છે.
- હજારો બાળકોનું ભવિષ્ય બગડતાં અટકી રહ્યું છે.
- પરમ ગુરુદેવના સાંનિધ્યે નૃત્ય કીર્તના ભક્તિ સાથે આલોચના કરતાં કરતાં હજારો બાળકો આત્મશુદ્ધિ કરી રહ્યાં છે અને બસ, જાણે કે ભાવિના હજારો બાલમુનિ ભગવંત ઐવંતા તૈયાર થઈ રહ્યાં છે.






# BHAKTAMAR SADHANALAY

## એક પ્રયોજન

મહાપુરુષો દ્વારા રચાયેલાં મંત્રો કે સ્તોત્રોમાં પરમાત્મા, દિવ્ય તત્ત્વો કે ઉપકારી તત્ત્વોની ભક્તિના ભાવો સમાયેલાં હોય છે. મંત્રો અને સ્તોત્રોના અક્ષરોના વિશિષ્ટ પ્રકારના ગુંથનના કારણે દરેક શબ્દોમાં પવિત્રતા અને પાવનતા પ્રસારિત કરનારી દિવ્ય શક્તિઓ અને ઊર્જા શક્તિઓ વણાયેલી હોય છે.

**પ્રથમ તીર્થંકર પરમાત્મા આદિનાથ પ્રત્યેની સ્તુતિ અને ભક્તિ સ્વરૂપ સ્તોત્રનું અક્ષરાંકન એટલે ભક્તામર સાધનાલય !**

## Since: 2001

શ્રી ભક્તામર સ્તોત્રના અક્ષર પટના પરમાણુઓ ધર્મસ્થાનકોમાં શાંતિ અને પવિત્રતાના પરમાણુઓ પ્રસરાવીને, ભાવિકોની ભક્તિ ભાવના અને સાધનામાં વૃદ્ધિ કરાવતા રહે એવા પરમ ગુરુદેવના શુભ આયોજન સાથે અનેક ધર્મ સ્થાનકોમાં શ્રી ભક્તામર સ્તોત્ર અક્ષરપટ સ્વરૂપ ભક્તામર સાધનાલયની સ્થાપના કરવામાં આવી.

### ફલ શ્રુતિ:

**આ ભક્તામર સાધનાલયનો લાભ લઈને હજારો હૃદય ભક્તિવાન બની રહ્યા છે.**

# BHAKTI SONGS

## Since: 2021

**150+ Audio Platforms**

**Hundreds of Bhakti Songs**

## એક પ્રેરણા




સૂર્ય પોતાની લયમાં ગતિ કરે છે. ચંદ્ર લયમાં કલાને ખીલવે છે. સાગરની ભરતી જળતત્ત્વનો લય છે. હવાની લહેર પણ લયમાં વહે છે.

પ્રકૃતિની જેમ આપણો આત્મા લય સ્વરૂપમાં છે અને ભક્તિના સૂરો પણ લય રૂપમાં હોય છે. આત્માના લય સાથે ભક્તિના સૂરોની લયલીનતા મનને શાંત અને ભાવોને નિર્મળ બનાવે છે.

લાખો ભક્તોના ભાવોને શુદ્ધ અને મનને પ્રસન્ન રાખવા પરમ ગુરુદેવ પ્રેરિત પ્રકલ્પ એટલે Bhakti Songsના Audio Platforms!

# COVID CARE



## 2020-2021

## C એક સ્ફૂરણા

આ સદીનો સૌથી ભયાવહ અને વિષમકાળ એટલે કોરોના કાળ. જ્યાં શ્વાસ લેતાં પણ મૃત્યુને આમંત્રણ મળી જતું હતું એવા સમયમાં કોણ કોની મદદ કરે ? કોણ કોને સહારો આપે ? ધર્મક્ષેત્રોના દ્વાર સૂના સૂના થઈ ગયાં અને hospitals ઓછી પડવા લાગી.

એવા સમયે શક્ય એટલો આ રાષ્ટ્રને support આપવાનું, વધુને વધુ દર્દીઓને શાતા આપવાનું, નિ:સહાય- નિરાધાર બનેલાં વધુને વધુ લોકોને કોઈને કોઈ પ્રકારે સહારો આપવાનું કર્તવ્ય નિભાવી લઈએ, એવી પરમ ગુરુદેવના હૃદયની કર્તવ્ય સ્ફૂરણાએ સર્જાઈ કોરોના સહાય સત્ કાર્યોની લાંબી હારમાળા....

### COVID CENTRES:

**Parasdham: 103 Beds • Pawandham: 50 Beds**
**Rajkot: 112 Beds • Kolkata: 27 Beds**

### પરમ FRUIT સેવા અને જલસેવા

**10,000+kgs** Fruits Distributed | **40,000+** Water Bottles Distributed

### પરમ સહાય યોજના

**INR 1,25,000** PER FAMILY | **164** પરિવારોને ચેક અર્પણ

### પરમ સહયોગ યોજના

**1200** પરિવારોને સહાય | **INR 3,000 - 10,000** PER FAMILY

### સાધર્મિક સહાય યોજના

**164** Families Supported | **INR 5,000** PER FAMILY

### પરમ અન્નદાન યોજના

**11,000+ Grocery Kits** Distributed

### POWERPACKS FOR CORONA WARRIORS

**20,000+ Dryfruits** Packets Distributed

### FREE PPE KITS AND MASKS

ગુજરાત | મુંબઇ

### FREE AMBULANCE SEVA

**2 Ambulances** Launched in Rajkot







AATMA YATRA

# DIVINE DRIVE

**Since 2016**



આ ભવની એક ક્ષણ, અનંત ભવનું કારણ બની શકે અને આ ભવની એક ક્ષણ, અનંત સંસારને તારવાનું કારણ પણ બની શકે. જીવનની ક્ષણ ક્ષણ કેવી બનાવવી તેનો આધાર આપણાં મન-વચન અને કાયારૂપી ત્રિયોગ પર હોય છે. આ ત્રિયોગ જે ક્ષણે અસતની દિશામાં દોરાય છે તે ક્ષણે જીવનો સંસાર વધી જાય છે અને જ્યારે સતની દિશામાં દોરાય છે, ત્યારે જીવનો સંસાર ઘટી જાય છે.

# એક કરુણા

**ક્ષણે ક્ષણે પોતાના યોગોને અસતની દિશામાં દોરી જઈને સંસાર પરિભ્રમણ વધારી રહેલાં અબુધ જીવો, વધુને વધુ સમય પોતાના યોગોને જ્ઞાનની દિશામાં, ભક્તિની દિશામાં, સતની દિશામાં પ્રવૃત્ત કરીને પોતાના આત્માને બચાવી શકે, પોતાનું હિત સાધી શકે એવી પરમ ગુરુદેવની કરુણા ભાવનાથી launch થયું, mobile app આધારિત Divine Drive !**

આત્મ અનુપ્રેક્ષા, આત્મચિંતન અને આત્મશુદ્ધિ કરાવનારા tasks, બોધ વચન, activities અને competitions સાથે Divine driveમાં જોડાયેલાં ભાવિકોના યોગોને દરરોજ સતની દિશામાં drive કરાવવામાં આવે છે.

## ફલ શ્રુતિ

- જીવનની અમૂલ્ય ક્ષણોને પાપમય બનાવી રહેલાં દેશ-વિદેશના સેંકડો ભાવિકોનો સમય પાપક્ષયમાં વ્યતીત થવા લાગ્યો.
- કેટલાંય ભાવિકો હતાશા અને નિરાશામાંથી બહાર આવી ગયાં.
- કેટલાંક depressionમાંથી બહાર આવ્યાં.

**બસ, અનેક આત્માઓના**
**અશુભ પ્રવર્તન કરી રહેલાં યોગો શુભ પ્રવર્તન કરવા લાગ્યાં.**

**For joining Divine Drive**

+91 86574 84481 http://divine-drive.parasdham.org/

आत्मयात्रा

# दीक्षा महोत्सव

नमामि संयम... वंदामि वैराग्यम्

Since 2013

# એક તરવૈયો, એક તારણહારો

આ જગતમાં 84 લાખ typesની યોનીમાં અનંત જીવ જન્મ-મરણ કરી રહ્યાં છે. એમાંથી એક મનુષ્ય જન્મને છોડીને બાકીના 83,99,999 જીવ યોની એવી છે, જ્યાંથી ફરીને 84 લાખ યોનીમાં જન્મ- મરણ કરવાની system set થઈ જતી હોય છે. પણ એક જ મનુષ્ય જન્મ એવો છે, જ્યાંથી 84 લાખ યોનિમાં જન્મ-મરણની system પણ set કરી શકાય અને જન્મ-મરણથી કાયમ માટે મુક્તિની system પણ set કરી શકાય.

મને આ અમૂલ્ય મનુષ્ય ભવ મળ્યો છે, આ ભવમાં હું મારા માટે પણ અને બીજા વધુને વધુ જીવો માટે મુક્તિની system set કરી લઉં એવી પરમ ગુરુદેવના અંતરની સ્વયં માટે તરવૈયો બનવાની અને અન્ય માટે તારણહાર બનવાની પરમ પરમાર્થ ભાવનાએ એમના શ્રીમુખેથી અનેક આત્માઓને અર્પણ થયાં પરમ કલ્યાણના દિવ્ય દાન- દીક્ષા !

પરમ ગુરુદેવની કરુણા અને કૃપા દૃષ્ટિએ સત્યની સમજ પામીને, સંસારની અસારતા જાણીને અનેક આત્માઓએ ઘર- પરિવાર, ધન- સમૃદ્ધિ, સગા - સ્વજન અને સમગ્ર સંસારનો ત્યાગ કરીને પરમ ગુરુદેવના ચરણ શરણમાં દીક્ષા ગ્રહણ કરી. 2013માં પૂજ્ય શ્રી સુપૂર્વીબાઈ મ.એ દીક્ષા ગ્રહણ કરી.


2014 - ઘાટકોપર, 9 આત્માઓને દીક્ષા દાન


2014 - કાંદિવલી, 2 આત્માઓને દીક્ષા દાન

# પરિણામ:

• જેમની જેમની દીક્ષા થઈ તે દરેક આત્માઓના દીક્ષા મહોત્સવમાં અન્ય હજારો આત્મધરા પર સંયમભાવ જાગૃત થઈ ગયાં, અનંત અનંત જીવોને અભયદાન મળી ગયાં, અનેક આત્માઓ માટે મોક્ષના દ્વાર ઉઘડવાની ભવિતવ્યતા સર્જાઈ ગઈ. **દીક્ષા લેનારા ધન્ય બની ગયાં, દીક્ષાની અનુમોદના કરનારા લાખો આત્માઓ ધન્ય ધન્ય બની ગયાં અને દીક્ષા દાતા, અનંત ઉપકારી, કરુણાનિધાન પરમ ગુરુદેવ તારણહાર બનીને સ્વયં ધન્યાતિધન્ય બની ગયાં !**


2016 - કાંદિવલી, 8 આત્માઓને દીક્ષા દાન


2018 - પડઘા - મહારાષ્ટ્ર, 12 આત્માઓને દીક્ષા દાન

2018 - રાજકોટ, 2 આત્માઓને દીક્ષા દાન






2019 - કોલકતા, 3 આત્માઓને દીક્ષા દાન



2021 - ગિરનાર, 9 આત્માઓને દીક્ષા દાન



2022 - પડઘા- મહારાષ્ટ્ર, 9 આત્માઓને દીક્ષા દાન

E

JAIN AAGAM MISSION

# ENGLISH TRANSLATION

## Since 2010

32 આગમ ગ્રંથ
35 volumes
36000 pagesના એક એક શબ્દના
અનુવાદનો ભગીરથ પુરષાર્થ !

# એક ચિંતા...

**તો શું આવનારી પેઢી માત્ર ભાષાના કારણે પ્રભુના જ્ઞાનથી વંચિત થઈ જશે ?**
**શું આટલું જ્ઞાન પણ કાળના પ્રવાહમાં લુપ્ત થઈ જશે ?**
**શું આવનારી પેઢી પ્રભુએ બતાવેલા સત્યથી અજાણ રહી જશે ?**
**શું મહાવીરનું નામ વિસ્મૃત થઇ જશે ?**
**ના...ના... કાંઈક તો કરવું પડશે !**

કેવલજ્ઞાનની પ્રાપ્તિથી નિર્વાણ પ્રાપ્તિ સુધીના ત્રીસ વર્ષમાં પ્રભુ મહાવીરે દેશના આપીને મહા સરોવર જેટલું જ્ઞાન અર્પણ કર્યું. પરંતુ મહા સરોવરનું પાણી સૂર્યના તાપથી સૂકાતાં સૂકાતાં 'ગોપદ' જેટલું રહે એટલે કે ગાયના પગ ડૂબે એટલું જ માત્ર પાણી રહે, તેટલું જ જ્ઞાન આ કાળમાં આપણી પાસે રહ્યું છે. પરંતુ તેટલું જ્ઞાન પણ હિન્દી, ગુજરાતી, સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં આલેખિત છે અને આજની કે ભવિષ્યની પ્રચલિત ભાષા તો English છે !

અંતરમનની પરમ ગુરુદેવની આ ચિંતામાંથી પ્રારંભ થયો આગમ ગ્રંથોને englishમાં translate કરવાનો મહા જ્ઞાનયજ્ઞ !

# ચિંતાનો સાદ...
# સહકારનો પ્રતિસાદ....

- મહા ઉપકારી કાર્યમાં જોડાઈ ગયાં દેશ-વિદેશના વિદ્વાનો, સાહિત્યકારો, અનુવાદકો, પૂજનીય સંત-સતીજીઓ, Jainologyના professors, proof readers અને ઉદારહૃદયા દાનવીર ભાવિકો.
- **પ્રભુના એ આગમ ગ્રંથોની english આવૃત્તિને મળ્યું British Libraryમાં ગૌરવવંતુ સ્થાન !**

માત્ર થોડાક શબ્દોમાં આ મહા જ્ઞાનયજ્ઞનો ઉપકાર વર્ણવવો શક્ય ન બને પણ બસ મહાવીર વિશ્વફલક પર બિરાજમાન રહેશે, ચાહે સદેહે નહીં પણ અક્ષર દેહે યુગો સુધી જીવંત બની રહેશે.

**To Offer Seva kindly whatsapp on: +91 7303000666**

# FACEBOOK એક Phase

## Since 2012




આજની busy lifeમાં લોકોને જ્યારે નિરાંતે બેસીને કોઈ book વાંચીને પ્રભુનો બોધ પામવાનો સમય મળે કે ન મળે ત્યારે, નાના-નાના બોધ, નાના-નાના quotes, પ્રેરણાત્મક કાર્યક્રમોની updates સાથે social mediaના માધ્યમે પ્રેરણાત્મક બોધ પમાડતું એક strong phase બન્યું facebook !

**Result:**

- Busy lifeમાં પણ easily પરમ બોધ પામી રહ્યાં છે હજારો ભાવિકો.
- બસ, lifeના અનેક problemsને face કરતાં કરતાં પણ facebookના માધ્યમે સત્ પ્રેરણા પામી face પર પ્રસન્નતા પામી રહ્યાં છે ભાવિકો !




સૌજન્ય : શ્રી ગુરુભક્ત, જુનાગઢ

www.facebook.com/ParasdhamIndia

Guru Spandan

Since: 2011

# એક સંવેદના

+91 9331903912



ગુરુ- પરમાત્મા પ્રત્યેના પ્રેમ અને ભક્તિથી હૃદય જ્યારે સ્પંદિત થઈ જાય છે ત્યારે તે પ્રેમની અભિવ્યક્તિ માટે પ્રગટ થતાં શબ્દોમાં સહજપણે સૂરો પણ ભળી જ જતાં હોય છે જેને કહેવાય છે સ્તવના !

**પોતાના ભગવાન પ્રત્યેની ભક્ત હૃદયની સંવેદનાને સમજનારા પરમ ગુરુદેવના હૃદયની સંવેદનાએ પ્રેરિત થયું ગુરુ સ્પંદન ગ્રુપ !**

## એ સંવેદનાનો પ્રતિસાદ

- ભક્તિના સૂરોમાં લીન- તલ્લીન થતાં ભાવિકો, તેટલાં સમય સુધી સંસારભાવથી cut off થઈ જાય છે.
- જેમ જેમ ભક્તિ સ્તવના થતી જાય છે એમ એમ એ ભાવિકોની અશુભ પરિણતિઓ ઓછી થતી જાય છે.

બસ, ગુરુભક્તિના એ સૂર ગૂંજતા જ રહે છે, ગૂંજતા જ રહે છે.

# GAUSHALA PANJARAPOL SAHAY

Since: 2011

100થી વધુ ગુજરાત સૌરાષ્ટ્રની ગૌશાળાઓ, પૂર્વ ભારતની આસનસોલ ગૌશાળા.

+91 9136442491

# એક ખેવના

**ગૌધનરૂપી આ સંસ્કૃતિનું જતન કરવાની, એમનું સંવર્ધન કરવાની, એમની સુરક્ષા કરીને એમને શાતા-સમાધિ પમાડવાની પરમ ગુરુદેવના હૃદયની ખેવના સાથે કરવામાં આવે છે, અનેક ગૌશાળાઓ અને પાંજરાપોળોને સહાય !**

## પરિણામ

**હજારો જીવો પામી રહ્યાં છે નિયમિત આહાર, પાણી, સુરક્ષા, શાતા અને Medical Treatment!**



## HOUSE PROJECT

# એક સમજ

H



જેના પર વીતી હોય, એને જ વેદના શું હોય એની ખબર પડે. મોટા-મોટા bunglowમાં રહેનારા, luxurious flatsમાં રહેનારા કદી ન જાણી શકે કે, છત વિનાની જિંદગીમાં કેવી કેવી અછત વર્તાતી હોય અને કેવી કેવી પ્રતિકૂળતાઓ સહન કરવી પડતી હોય ! એમની એ વેદનાને પોતાના સુખમાં જ રચ્યા પચ્યા રહેતા લોકો કદી ના સમજી શકે.

પરંતુ ગુરુદેવે સમજી લીધી એમની વેદના, એમની પરિસ્થિતિ, એમની મન:સ્થિતિ અને એમની પ્રતિકૂળતાઓને ! પરમ ગુરુદેવના અંતરમાંથી સર્જાયો, ઘર વિહોણી જિંદગી માટેના નાનકડા ઘરનો 'Home Project !'

**આ project અંતર્ગત,** • ભાવનગરના ઘર વિહોણા અને leprosy પીડિત દર્દીઓને અર્પણ કરવામાં આવ્યા નાના-નાના મકાન. • જુનાગઢના પુરગ્રસ્ત એવા ઘર વિહોણા અનેક પરિવારો માટે મકાન અર્પણ કરવા, કરવામાં આવ્યું છે બહોળુ આયોજન !

### ફલ શ્રુતિ:

- અનેક નિરાધાર જિંદગીઓને ચાર દિવાલ અને છતરૂપી આધાર મળી ગયો.
- ચિંતિત બનીને જીવનારા અનેક લોકોને નિશ્ચિંતતા મળી ગઈ.

**બસ, અનેકોની છતની અછત દૂર થઈ ગઈ.**



I-CONNECT

Since 2016

# એક link

I

પરમ તત્ત્વ સાથે, સત્ તત્ત્વો સાથે connection અને પાપ તત્ત્વો સાથે, અસત્ તત્ત્વ - સંસાર તત્ત્વ સાથેનું disconnection તે જ આત્મશુદ્ધિનો way છે.

ગુરુ પરમાત્માની ભક્તિ સ્તવનાના ગીતો, પરમ ગુરુદેવના બોધ પ્રવચનો સાથે સહુ ભાવિકોને પરમ તત્ત્વો સાથે connect કરવાની link એટલે I Connect pendrive.

### પરિણામ:

• ગમે ત્યારે, ગમે તે સમયે, ગમે તે સ્થાન પર I- Connect pendriveનો ઉપયોગ કરીને હજારો ભાવિકો સત્ તત્ત્વ સાથે connect અને સંસાર તત્ત્વ સાથે disconnect થઈ રહ્યાં છે.

• **બસ, સહુને સત્ તત્ત્વ સાથે connect થવા માટેનું ATM મળી ગયું. 'Any time motivation'**

# INSTAGRAM એક Medium




Social media તે આજની generation માટે lifeનું એક અવિભાજ્ય અંગ બની ગયું છે. એ જ social mediaનો ઉપયોગ કરીને આજના youngstersને ગુરુ વાણીથી, ગુરુના સાંનિધ્યે થતાં કલ્યાણકારી કાર્યક્રમોથી updated રાખવા, પ્રેરણાત્મક સૂત્રોથી અને ત્યાગ તપશ્ચર્યાની challengesથી એમના આત્માને જાગતો રાખવા એક strong medium બની રહ્યું છે Instagram.

**Result:**

- Fingertips પર પામી રહ્યાં છે હજારો youngsters પ્રભુનો અમૂલ્ય બોધ.
- બસ અંદરમાં ભાવ જાગે પરમનો બોધ પામવાના અને instantly મળી જાય બોધ instagram પર.




www.instagram.com/parasdham

# JAIN EXHIBITION
## Since 2008

# એક હેતુ...



પરમાત્માએ એક સૂત્ર આપ્યું છે,
'दिट्ठेहिं णिव्वेयं गच्छेज्जा'
જ્યાં જ્યાં તારી દૃષ્ટિ પડે ત્યાં ત્યાંથી
તું નિર્વેદ ભાવને પામ.
જ્યાં જ્યાં તારી દૃષ્ટિ પડે ત્યાંથી
તું દૃષ્ટિ બોધ પામ.

દશ્યો હંમેશા દૃષ્ટિબોધ આપી જાય. કોઈક એક નાનકડું દશ્ય પણ, જનમ જનમના સૂતેલાં આત્માને જાગૃત કરીને દૃષ્ટિબોધ આપી જાય.

**પ્રભુના આ સૂત્રને અનુસરીને, હજારો - લાખોની ભીડમાં કોઈક સૂતેલો આત્મા જાગી જાય, કોઈ સુષુપ્ત આત્મા દૃષ્ટિબોધ પામી જાય અને જૈન-જૈનેત્તર એવો બહોળો જન સમુદાય પ્રભુના અનુપમ સિદ્ધાંતોથી પરિચિત બની જાય, એવા પરમ ગુરુદેવના શુભ હેતુથી Look n learn દ્વારા યોજાય છે, Grand Jain exhibition !**

**Live models, Audio visual shows, Inspirational projects, attractive charts and flex banners** આદિના માધ્યમે exhibitionના visitorsને જૈન દર્શન વિશે માહિતગાર કરવામાં આવે છે.

## ફલ શ્રુતિ:

- જૈન દર્શન વિશે કશું પણ ન જાણનારો જન સમુદાય, પ્રભુ મહાવીર અને તેમણે દર્શાવેલાં સત્ય પ્રત્યે ભાવિત - અહોભાવિત બન્યો !
- પ્રભુના સિદ્ધાંતોની ઊંડાણભરી સમજ પામીને જૈન દર્શન પ્રત્યે વધારે શ્રદ્ધાવંત બન્યો. પ્રભુ પ્રત્યે ભક્તિ ધરાવતો બન્યો.
- કેટલાંય લોકોએ આ exhibitionમાંથી પ્રેરણા લઈને, પોતાના જીવનને પરિવર્તિત કર્યું અને **બસ જન સમુદાયમાં જૈન દર્શનનો મહિમા છવાઈ ગયો !**

**લાખો જૈન- જૈનેત્તર ભાવિકોએ exhibitionની મુલાકાત લીધી**











# JAIN VISHWAKOSH એક પહેલ... J

## Since 2015


કોઈપણ વ્યક્તિને જૈન દર્શન અંગેની કોઈ પણ પ્રકારની જાણકારી મેળવવી હોય, જૈન દર્શનનો સંપૂર્ણ ઇતિહાસ જાણવો હોય કે પછી કોઈપણ જૈન પારિભાષિક શબ્દોનો અર્થ કે ભાવાર્થ જાણવો હોય તો દરેકે દરેક પ્રકારની માહિતીને એક જ કોશમાં સમાવી લેવાની સમગ્ર જૈન સમાજના ઇતિહાસમાં થયેલી પહેલ એટલે **પરમ ગુરુદેવની પ્રેરણાથી સર્જાયેલો જૈન દર્શનનો પ્રથમ જ્ઞાનકોશ એટલે કે, જૈન encyclopedia સ્વરૂપ 'જૈન વિશ્વકોશ' !**




ભાગ - 1




ભાગ - 2



ભાગ - 3



ભાગ - 4



ભાગ - ૫

પદ્મશ્રી ડૉ. શ્રી કુમારપાળભાઈ દેસાઈ અને વિખ્યાત સાહિત્યકાર શ્રી ગુણવંતભાઈ બરવાળીયા આદિ અનેક વિદ્વાનોની મહેનત- જહેમત અને પુરુષાર્થથી જૈન દર્શનના ઇતિહાસ, ખગોળ, ભૂગોળ, અંકશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, પૂર્વકાલીન જૈન જીવનશૈલી, શિલ્પ- સ્થાપત્ય આદિ દરેક વિષયોને આવરી લેતાં **11 ગ્રંથોનો** જ્ઞાનકોશ તે **'જૈન વિશ્વકોશ' !**




**Published: 5 ગ્રંથ**

**In Printing Process: 3 ગ્રંથ**

**Total: 11 ગ્રંથ**

## પહેલનો પ્રતિભાવ

- જૈન દર્શન અંગે રજેરજની માહિતી જાણવા ઇચ્છતા સેંકડો જિજ્ઞાસુ ભાવિકોના આવાસમાં સ્થાન પામ્યા વિશ્વકોશના ગ્રંથો !
- સેંકડો સંત-સતીજીઓ, હજારો ભાવિકો આ વિશ્વકોશના માધ્યમે જૈન દર્શનની ઝીણી ઝીણી વિગતોથી પરિચિત થયાં.
- જ્ઞાન પ્રત્યે રસ રુચિ ધરાવતાં અનેક આત્માઓ માટે અનેક રીતે ઉપયોગી અને ઉપકારી બની ગયો વિશ્વકોશ !

**+91 98202 15542**



# KALYANKARI SHIBIR

दरेक आत्मानो संसार परिभ्रमणनो काळ अनादि अनंत होय छे. ते अनंतकाळना संसारचक्रमां जीवने मात्रने मात्र आठ ज वार एवा सत् निमित्त के सत्पुरुषनो योग थाय छे, जे एना आत्मकल्याणनुं निमित्त बनी शके ! ए योगने कहेवाय छे 'अपूर्व योग' एटले के पूर्वे कदी न थयो होय एवो कल्याणकारी योग. जो आ आठ वारनो योग miss थई जाय तो जीवनुं फरीने अनंत परिभ्रमण शरू थई जाय.

## એક ઝંખના...

## Since 2001

**દર વર્ષે 6+ શિબિરો**

એ અપૂર્વ યોગની પ્રાપ્તિ પછી જે ક્ષણે જીવને 'હું આત્મા છું'ની સમજ પ્રાપ્ત થાય, સત્યની પ્રાપ્તિ થાય, તે ઘટનાને પરમાત્માએ 'અપૂર્વકરણ'ની ઘટના કહી છે. અનંત ભવ ભ્રમણ કરી રહેલાં ભવ્ય જીવો માટે અપૂર્વ યોગ અને અપૂર્વકરણની પ્રાપ્તિ કરાવવાનું શ્રેષ્ઠ માધ્યમ શિબીર બની શકે. શિબિરના માધ્યમે વધુને વધુ જીવોને અપૂર્વકરણની પ્રાપ્તિ થઈ જાય, એમનું પણ અનંત કલ્યાણ સર્જાય જાય એવી પરમ ગુરુદેવના અંતરની અદમ્ય ઝંખનાએ સર્જાઈ રહી છે, અંતરદષ્ટિને ઉજાગર કરતી દર વર્ષની અનેક **કલ્યાણકારી શિબિરો !**

## પરિણામ...

- અનેક આત્માઓ શિબિરાર્થીમાંથી સાધક અને સાધકમાંથી પૂજનીય સંયમી બની ગયાં.
- પરમ સત્યની સમજ પામ્યાં પછી કદાચ બધાનો સંસાર નથી છૂટ્યો પરંતુ ભાવ સંસાર તો સેંકડો આત્માઓનો તૂટી ગયો.
- અનેક ભાવિકો ખોટી દિશામાંથી સાચી દિશા તરફ વળી ગયાં.
- અનેક પરિવારોના ઘર કંકાસ શાંત થઈ ગયાં.
- અનેકોના તૂટુ તૂટુ સંબંધો ફરી સ્નેહથી જોડાઈ ગયાં.
- અનેકોના પાપ કાર્યો છૂટ્યાં, અવગુણો છૂટ્યાં, મોહ ભાવ તૂટ્યાં.
- અનેકોના સંયમની ભાવી નિયતિ સર્જાઈ ગઈ.
- **અનંત હિતને અલ્પ શબ્દોમાં કેવી રીતે આલેખિત કરી શકાય ? બસ, અપૂર્વ યોગ અને અપૂર્વકરણની અતૂટ શૃંખલાઓ સર્જાઈ રહી.**





# પરમ ગુરુદેવના સાંનિધ્યે વિવિધ શિબિરો



કપલ શિબિર

U - Turn in Life Shibir

યુવા શિબિર

One Step up Shibir

Secret of Success Shibir

આત્મ સાધના શિબિર



Enlighten Knowledge Shibir

આત્મ ચેતના જાગૃતિ શિબિર



હૃદય પરિવર્તન શિબિર

અપૂર્વ યોગ શિબિર

સંબોધિ શિબિર

યુવા સંસ્કાર શિબિર

NRI KID's Shibir

દિવાળી યુવા શિબિર

Anger Management Shibir



આત્મોત્થાન શિબિર

ચૈતન્ય જાગૃતિ શિબિર



મૌન સાધના શિબિર



Life Management Shibir

યુવા માર્ગદર્શન શિબિર

Inner Cleaning Course Shibir

આત્મ નિરીક્ષણ શિબિર

મહિલા શિબિર

NRI Shibir

खोज़ शिबिर



ધ્યાન શિબિર

કર્મ શિબિર



Young Minds 360·

સંયમ અનુમોદના શિબિર

અપૂર્વ યોગ બાલ શિબિર

पर से परम शिबिर

શિક્ષક શિબિર

मा परमात्मा



Mission Devotion Shibir

Guru Connection Gunn Creation



Fact or Fake

Just Adjust

My First GOD Mother & Father Shibir



SOS Shibir

Self Realisation Shibir

દિવાળી special શિબિર

ગૃહસેવક શિબિર

Knowledge Enlightenment Shibir



द्रष्टा अनेक द्रष्टि एक जैन दर्शन

Life Tranforming Shibir



MRP of your Life



આત્મશુદ્ધિ સાધના શિબિર

Imagine beyond Imagination

ભાવ વિશુદ્ધિ શિબિર

Bell & Brake

Destiny Designing

Love yourself શિબિર

सक्कारेमि सम्माणेमि



કલ્યાણ મિત્ર શિબિર

Next Challenge

# LOOK N LEARN JAIN GYAN DHAM

**Since 2007**

**Centres: 100+**
**Students: 3 lacs+**
**Didi's: 850+**

## એક વિચાર...

2600 વર્ષ પહેલાં પ્રભુએ પ્રજ્વલિત કરેલાં સત્યના દીપકની જ્યોત આજના કુસંસ્કારી વાતાવરણમાં ક્યાંક બુઝાય ન જાય, અબુધ અને અજ્ઞાની એવા પામર બાળજીવો ક્યાંક દુર્ગતિની દિશામાં દોરાઈ ન જાય અને ભાવિના ભગવાન, ભાવિના આચાર્ય, ઉપાધ્યાય કે સંત - સતીજીઓ શાસનની ગરિમાને ઉજાગર કરતાં રહે, એવા વિચાર સાથે સર્જાયું **Look N Learn Jain Gyan Dham !**

## ફલ શ્રુતિ...

- ન માત્ર હજારો બાળકો સંસ્કારિત થયાં, પણ સાથે સાથે તે બાળકોના માતા-પિતા, તે બાળકોને જ્ઞાનદાન પ્રદાન કરનારા સેંકડો દીદીઓ અને તે દીદીઓના માધ્યમે તેમના હજારો પરિવારજનો પ્રભુના જ્ઞાનને સમજીને અનેક પાપ કરતાં અટક્યાં !
- Look N Learnમાં ભણીને અનેક આત્માઓનો સમગ્ર સંસાર છૂટી ગયો, સંયમ માર્ગમાં જોડાઈ ગયાં.







- અનેક આત્માઓમાં ભાવિના ભગવાન બનવાના બીજ વવાઈ ગયાં.
- કોઈકે કંદમૂળ ત્યજી દીધા તો કોઈકે parents સામે back answer આપવાનું છોડી દીધું. કોઈકે ફટાકડાંનો ત્યાગ કર્યો તો કોઈકે લારી-ગલ્લાનો ત્યાગ કર્યો. કોઈકે animal tested cosmetics છોડયાં તો કોઈકે Non veg productsના biscuits, chocolates, snacks છોડયાં.

સેંકડો બાળકો સામાયિક સૂત્ર, પ્રતિક્રમણ સૂત્ર, આગમગાથાઓ શીખ્યાં તો કેટલાંય બાળકોનો ગુસ્સો, ચંચળતા, જીદ અને ખોટી આદતો છૂટી ગઈ.

**Look N Learnની ફલશ્રુતિ અમાપ છે. શબ્દોમાં લખી શકાય નહીં. બસ, પ્રભુના એ સત્યના દીપકની જ્યોતમાંથી બીજી અનેક જ્યોત પ્રજ્વલિત થઈ ગઈ !**











## Look N Learn Online Sessions

**Since: 2020**

**Centers: 15+**

વિદેશના સેંકડો બાળકોનું પ્રશિક્ષિત દીદીઓ દ્વારા થઈ રહ્યું છે સંસ્કરણ.



## Look N Learn ગ્રામ્ય જ્ઞાનશાળા

**Since: 2022**

**ગ્રામ્ય Students: 5000+**

મુંબઈ, ગુજરાત, મહારાષ્ટ્ર, કલકત્તા, હૈદરાબાદ જેવા ક્ષેત્રોના પછાત અને આદિવાસી વિસ્તારના બાળકોને અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે moral values અને ધર્મના સિદ્ધાંતોથી સંસ્કારિત કરવામાં આવે છે.



**For joining Look n Learn Jain Gyan Dham**

+91 86574 84478 https://parasdham.org/look-n-learn-jain-gyan-dham/

# MANAVTA MAHOTSAV

# એક તહત્તિ...

પરમાત્માએ એક સૂત્ર આપ્યું છે, **'असंविभागी ण हु तस्स मोक्खो'** પોતાના સુખમાં, પોતાને પ્રાપ્ત થયેલી કોઈ પણ વિશેષતામાં કે આ જગતમાંથી જે કાંઈપણ પોતાને પ્રાપ્ત થયું છે, એમાં જે અન્યને ભાગીદાર નથી બનાવતાં, પોતાને પ્રાપ્ત વિશેષતાની જે અન્ય સાથે partnership નથી કરતાં, તેનો કદી મોક્ષ નથી થતો.

પ્રભુના આ વચન પર 'તહત્તિ' કરીને પોતાને જે જ્ઞાન સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે, પોતાને જે લબ્ધિ - સિદ્ધિની સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે, પોતાની જે તીવ્ર પ્રજ્ઞા સમૃદ્ધિ, સામર્થ્યની સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે, તે સમૃદ્ધિઓનો ઉપયોગ કરીને દેશ-પરદેશના લાખો ભાવિકોને જ્ઞાન અને સમજ આપી પ્રભુનું- શાસનનું ઋણ ચૂકવી રહેલાં પરમ ગુરુદેવ, પોતાને પ્રાપ્ત થયેલી એક ઓર છલકાતી સમૃદ્ધિ પ્રકૃષ્ટ પુણ્યની સમૃદ્ધિનો ઉપયોગ કરીને, લાખો જીવોના આંસુ લૂછતી અને એમને શાતા પમાડતી માનવતાના અનેક અનેક સત્ કાર્યોની પ્રેરણા કરી રહ્યાં છે. આખા વર્ષ દરમ્યાન થનારા એ માનવતાના કાર્યો માટે દર વર્ષે પરમ ગુરુદેવના જન્મોત્સવ અવસરે યોજાય છે, **માનવતા મહોત્સવ.**

## ફલ શ્રુતિ

- પરમ ગુરુદેવના આદેય નામ કર્મ વચન સમૃદ્ધિના કારણે, એમના એક પ્રેરક વચન પર ઉદાર હૃદયા ભાવિકો મન મૂકીને અનુદાન અર્પણ કરે છે, જેના દ્વારા કરોડો કરોડોના જીવદયા-માનવતાના સત્ કાર્યો થાય છે.
- પરમ ગુરુદેવના જન્મોત્સવને વધાવતાં ન માત્ર ભારતના અનેક ક્ષેત્રોમાં પણ વિદેશમાં પણ અનેક સત્કાર્ય ભાવિકો દ્વારા કરવામાં આવે છે.
- પશુ -પંખીઓ ભોજન પાણી પામે છે, સંરક્ષણ -સંવર્ધન અને સુશ્રુષા પામે છે, વિદ્યાર્થીઓ અભ્યાસ માટેની સુવિધા પામે છે, દર્દીઓ દવા અને શાતા પામે છે, વસ્ત્ર વિહોણા વસ્ત્ર પામે છે, ઘર વિહોણા ઘર પામે છે, કોઈ અન્ન પામે છે, કોઈ અર્થ પામે છે, કોઈની જરૂરિયાત પૂરી થાય છે.

**બસ, લાખો જીવો શાતા-પ્રસન્નતા પામીને માનવતાના મસીહા પરમ ગુરુદેવને 'ઘણું જીવો ઘણું જીવોના' મૂક આશીર્વાદ આપી જાય છે.**





# NO CRACKERS RALLY

# એક સંદેશ

N



વર્ષોના ઇતિહાસ પર એક દૃષ્ટિ કરીએ તો જાણીએ કે જ્યારે જ્યારે સમાજમાં કોઈ બાબતે ક્રાંતિ લાવવી હોય અથવા સમાજને કોઈ સંદેશ આપવો હોય ત્યારે પદયાત્રા કે rally, તે એક સશક્ત માધ્યમ બને છે સમાજમાં પરિવર્તન લાવવા માટેનો.

પરમ ગુરુદેવના કચ્છ- પુનડી ગામના ચાતુર્માસમાં બાળકોને ફટાકડા ફોડવાથી થતી જીવ હિંસાની સમજ આપવામાં આવતા ન માત્ર જૈન બાળકો પરંતુ ક્ષત્રિય, રબારી, પટેલ, ગોસ્વામી આદિ જ્ઞાતિના બાળકોએ દીપાવલીમાં ફટાકડા ન ફોડવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરીને અસંખ્ય જીવોને અભયદાન આપ્યું. પરંતુ બાળકોની સાથે સાથે અન્ય ભાવિકોને પણ ફટાકડાં ન ફોડવાનો સંદેશ આપવા માટે પરમ ગુરુદેવની પ્રેરણાથી પુનડીમાં યોજાઈ **'No Crackers rally' !**

# NAMASKAR MANTRA JAPP SADHANA ANUSHTHAN

# એક માંગલ્ય

આ જગતમાં સર્વશ્રેષ્ઠ એવા પાંચ પદ છે. અરિહંત પદ, સિદ્ધપદ, આચાર્ય પદ, ઉપાધ્યાય પદ અને સાધુ-સાધ્વી પદ. આ પાંચ પદ પર બિરાજી રહેલાં આત્માઓને નમસ્કાર કરતો, વંદન કરતો જગતનો સર્વશ્રેષ્ઠ મંત્ર તે **નમસ્કાર મહામંત્ર.**

એવા એ મહામંત્રની એક સાથે, એક જ સમયે, દેશ-વિદેશના હજારો ભાવિકો દ્વારા થતી જપ સાધનાના માધ્યમે વિશ્વ શાંતિના તરંગો પ્રસરાવવાની પરમ ગુરુદેવની માંગલ્ય ભાવનાએ યોજાય છે, **નમસ્કાર મંત્ર જપ સાધના અનુષ્ઠાન !**

- **વર્ષ 2019 -** કોલકાતામાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ અવસરે યોજાયો હતો, **World નવકાર Day.**
- **વર્ષ 2022 -** કચ્છ પુનડીમાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ અવસરે યોજાયું હતું, 99,99,999 નમસ્કાર મહામંત્ર જપ સાધના અનુષ્ઠાન !
- **વર્ષ 2023 -** ગિરનારમાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ અવસરે યોજાશે, **5** કરોડ નમસ્કારમંત્રના જાપ સાથે **World નવકાર Day.**

## ફલ શ્રુતિ

**નમસ્કાર મહામંત્રના એક શબ્દનું સ્મરણ પણ આત્મા પરથી અનંત કર્મનો ક્ષય કરાવીને, અનંત હિતનું કારણ બને છે. એક સાથે હજારો ભાવિકો દ્વારા થયેલી લાખોની સંખ્યામાં આ મહામંત્રની જપ સાધના, બસ, અનંત અનંત હિતનું કારણ બની ગઈ.**

### મહા પ્રભાવક શ્રી નવકાર મંત્ર

નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ સાહૂણં
એસો પંચ નમોક્કારો
સવ્વપાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઇ મંગલં



# ONLINE JEEVDAYA

**આજે તો મારા જન્મદિન નિમિત્તે, ગૌશાળાની ગાયોને લાડવા ખવડાવવા છે ! આજે મારી lifeનો special day છે, આજે તો doggyને રોટલી અને monkeysને fruits ખવડાવવું જ છે, આજના દિવસે કબૂતરોને એક ગુણી ચણા તો ખવડાવવા જ છે ! પણ...પણ... ગૌશાળામાં જવાનો, ચબૂતરામાં જવાનો, doggy ને ખવડાવવા જવાનો, મારી પાસે time જ કયાં છે ? આખા દિવસનું મારું busy schedule છે, શું કરું ? શું કરું ?**

# એક સુલભતા
## Since 2020

### આ મૂંઝવણનો એક સુલભ માર્ગ આપ્યો પરમ ગુરુદેવે 'Online જીવદયા !'

ગાયોને ખવડાવવાની ભાવના છે પણ ગૌશાળામાં જવાનો ટાઈમ નથી ? No problem.

કબૂતરોને ભોજન કરાવવાની ભાવના છે પણ ચણા લેવા જવાનો, ચણ આપવા જવાનો time નથી ? No problem.

Doggyને ખવડાવવું છે પણ રોટલી બનાવવાની, રોટલી ખવડાવવા જવાની possibility નથી ? No problem.

તમારા ભાવ પૂરા થઈ શકશે online જીવદયાથી !

એક call મારફતે ભાવિકો, ગૌશાળામાં કે પાંજરાપોળના ભાવિકોને પોતાની ભાવના જણાવે અને ગૌશાળામાં ભાવિકોની ભાવના અનુસાર ગાયોને કે અન્ય સ્થાનના પશુ- પંખીઓને ભોજન અર્પણ કરે, જેને video call મારફતે જોઈને અનુદાન અર્પણ કરનાર ભાવિક સંતોષ પણ માણી શકે.

## Result:

- ઘરે બેઠાં બેઠાં, ઓફિસમાં બેઠાં બેઠાં ભાવિકોની ભાવના પણ પરિપૂર્ણ થઈ જાય અને અબોલ જીવોને શાતા પણ મળી જાય.
- ભાવિકના accountમાંથી ગૌશાળાના accountમાં જીવદયાની રકમનું અનુદાન online easily transfer થઈ જાય.


**બસ, સુલભતાથી અબોલ જીવોની આંતરડી ઠરી જાય.**

**+91 9920983822**

# PARAM~G
## MOBILE APP

# એક Piece
## Since 2021

VIDEOS
BHAKTI
BOOK
ARTICLES
INNER WELLBEING



QUOTES
WELLBEING
DIVINITY
DAILY WISDOM
GUIDED MEDITATIONS

આખી દુનિયા એક મુઠ્ઠીમાં સમાઈ ગઈ એવો mobile યુગ ચાલી રહ્યો છે. 1/2 feet ના એક pieceમાં આ જગતના લોકો આખી દુનિયાને જાણી- માણી રહ્યાં છે. એ જ 1/2 feetના pieceમાં સમાયું પરમ ગુરુદેવનું વિરાટ વ્યક્તિત્વ, **Param G Appના માધ્યમે.**

About પરમ ગુરુદેવ, about પારસધામ, each n every thing...A to Z માણવા અને જાણવાની mobile App - **Param G App**

પરમ ગુરુદેવના શ્રીમુખેથી પરદેશમાં રહીને પણ
કોઈપણ **તપશ્ચર્યાના પચ્ચક્ખાણ** ગ્રહણ કરવા હોય,
કઈ cityમાં કયા સમયે **સૂર્યોદય કે સૂર્યાસ્ત** થાય છે ?
આજે કઈ **તિથિ** છે ?
કયા **missionમાં** કઈ કઈ **activity** થઈ રહી છે,
**next programe** શું થવાનો છે,
બધાં માટે, દેશ-વિદેશના ભાવિકોને
ખૂબ જ **helpful** થઈ રહી છે, **Param G App** !
બસ, એક **App** માં સમાઈ ગઈ વિરાટ ગુરુની વિરાટતા ! !

**10,618**
**Users Registered**
**...and GROWING!**

**APP features**

- LIVE WEBCAST
- Enlightening Pravachans
- Meditation
- Bhakti songs
- Japp Sadhana Mantras
- Aagams and e-Books and much more...

To download,
**Visit: parasdham.org/paramg-app/**

Available on

Available on the App Store
GET IT ON Google Play

# ॥ પરમ મંત્રોત્સવ ॥

# એક ભક્તિ ભાવના

## 2019 - 2020

પ્રતિદિન - 36,000+ જપ સાધના
Total - નવ કરોડથી વધુ જપ સાધના




મંત્ર જેવો અન્ય કોઈ મિત્ર ન હોય અને મંત્ર જેવું અન્ય કોઈ શસ્ત્ર ન હોય. સુખ હોય કે દુ:ખ હોય, પીડા હોય કે પ્રસન્નતા હોય, અનુકૂળતા હોય કે પ્રતિકૂળતા હોય. મહાપુરુષોએ કહ્યું છે, જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં મંત્ર સખાયો થાય.

વિપત્તિઓના વાદળો જ્યારે ઘેરાઈ જાય, વિરોધી તત્ત્વોનો વંટોળ જ્યારે વિંઝાય જાય, પ્રતિકૂળતાના પર્વતો જ્યારે ખડકાઈ જાય ત્યારે મંત્ર જેવો અન્ય કોઈ મિત્ર ન હોય, તે દરેક પ્રતિકૂળતા પર વિજય પામવા માટે !

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રને જેમણે પોતાના જીવનનો શ્વાસ બનાવ્યો છે, એવા પરમ ગુરુદેવના 50th જન્મોત્સવ અવસરે શિષ્ય પરિવારની ભક્તિ ભાવનાથી ઘર - ઘરમાં મંત્રો અને સ્તોત્રોની પવિત્ર ઊર્જાનું પ્રસારણ કરવા માટે **પરમ મંત્રોત્સવ** પ્રારંભ કરવામાં આવ્યો.

અભિમંત્રિત કલશની માંગલ્યતા સાથે એક પછી એક ઘરમાં 24 કલાક સુધી નિરંતર 'ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ'ની અખંડ જપસાધનાના તરંગો પ્રસરાવતાં આ પરમ મંત્રોત્સવમાં જોડાયાં અનેક ક્ષેત્રોના, વિદેશના સેંકડો પરિવારો.

## પરિણામ

સેંકડો પરિવારોના આવાસમાં માંગલ્યતાનો વાસ થયો, મંત્ર ધ્વનિના પવિત્ર તરંગો પ્રસરાયા, કલાકો સુધીની સેંકડો પરિવારોની સામૂહિક સાધના થઈ, પ્રભુપ્રેમથી હૃદયધરાઓ ભીંજાઈ... **બસ, સર્વત્ર ધન્યતા પ્રસરી ગઈ.**



# PARAM PUBLICATIONS

## Since: 2000

**Books, ગ્રંથ, Magazines in English, Gujarati, Hindi**

**Available on**

**Param G App • Website • Sankuls**

**https://parasdham.org/wisdom/books/**


# એક જ્ઞાન પુરુષાર્થ

P

જ્યાં ન પહોંચી શકે સંત, ત્યાં પહોંચે એમનું સાહિત્ય ! પ્રભુના વચનો, સત્યની સમજ અને practical lifeને શ્રેષ્ઠ અને સમાધિમય બનાવતી સમ્યક્ અને મૌલિક પ્રેરણાને જગતના ખૂણે ખૂણે સુધી પહોંચાડવાનો પરમ ગુરુદેવનો જ્ઞાન પુરુષાર્થ એટલે **'Param Publication'** નો જ્ઞાનવૃદ્ધિકર પ્રકલ્પ !

## ફળ શ્રુતિ :

- લાખો આત્માઓના જીવન અને હૃદય પરિવર્તન થયા છે.
- પરિવાર પ્રભુના પરિવાર બન્યાં છે.
- અનેક આત્માઓએ પ્રેરણા પામી, સંથારા જેવી સાધના કરી માનવ ભવને સાર્થક કર્યા છે.



## પરમ ટીફીન સહાય યોજના

# એક પ્રશ્ન ? / Since: 2014



**5,00,000+ ટિફિન**

(પાંચ લાખથી વધુ)

**+91 9892097757**

એકલા અટુલા રહેતાં લાચાર, શારીરિક રીતે અસક્ષમ અને આર્થિક કે માનસિક રીતે વ્યથિત એવા આપણા સમાજના વડીલો કેવી તકલીફમાં જીવન વ્યતીત કરતાં હશે ? એમને સમયસર પૌષ્ટિક ભોજન મળતું હશે કે નહીં ?

પરમ ગુરુદેવના હૃદયના આ વેધક પ્રશ્નના ઉકેલ સ્વરૂપ પ્રારંભ થઈ વડીલો માટેની શાતાકારી **'પરમ ટિફિન સહાય યોજના.'**

60 વર્ષથી વધુ ઉંમરના લાચાર વડીલો માટે ધર્મ સંકુલોમાં બનતાં શુદ્ધ- શાતાકારી ગરમાગરમ ભોજનનું ટિફિન એમને ઘરબેઠાં પહોંચાડીને શાતા આપતી આ યોજનાનું સંચાલન પણ થાય છે નિવૃત્ત એવા અર્હમ senior citizen groupના વડીલોની મહેનત અને જહેમતથી.

---

# PARASDHAM YOUTH / એક રાહ

**Since: 2018**



**+91 8074352024**

Mall, movie, મસ્તી, magic, weekend holidays, pubs, clubs, birthday parties, welcome parties, farewell parties, dance, rain dance, disco dance, break dance, friends, festivals.....

આજના teen age youngstersનું જીવન બરબાદ કરવા માટે આ યુગમાં લોભામણા મનોરંજનના સાધનો કે enjoyment ideasની કોઈ કમી નથી. એવા વાતાવરણની વચ્ચે પણ એમને સ્નેહ ભાવથી સેવા અને માનવતાની એક રાહ આપીને એમનું કલ્યાણ કરવા માટે **પરમ ગુરુદેવની પ્રેરણાથી teen age youngsters માટે સ્થાપિત થયું 'Parasdham youth'.**

## Results :

માત્ર પોતાના carrierના graphને ઊંચો બનાવવાની દોટ મૂકી રહેલાં સેંકડો youngsters પોતાની સેવાના graphને ઊંચો લાવવાનો પુરુષાર્થ કરી રહ્યાં.

**બસ, સેવાની army બનીને સેંકડો youth હજારો દુ:ખી જીવોને શાતા -સમાધિનું protection આપી રહ્યાં.**

# QUOTES

# એક ચમકાર

Q

આકાશમાં ગગડાટ કરતી વીજળીનો ચમકાર, ક્ષણ બે ક્ષણ માટે જ હોય છે પણ ક્ષણનો નાનકડો એ ચમકાર સમગ્ર પરિસ્થિતિ, સમગ્ર વાતાવરણનો અણસાર આપી દેતો હોય છે.

મહાપુરુષોના શ્રીમુખમાંથી પ્રગટ થતો કોઈ એક શબ્દ, કોઈ એક વચન, કોઈ એક સૂત્ર ક્ષણ માટે જ કાનને સ્પર્શતો હોય પણ એક ક્ષણની સ્પર્શના, વીજળીના ચમકારાની જેમ ક્યારેક સમગ્ર જીવનનો સાર સમજાવી જતી હોય છે .

પરમ ગુરુદેવની અંતરધરામાંથી પ્રગટ થતાં આવા હજારો **inspirational quotes**માં, બ્રહ્મસૂત્રોમાં સમાયા હોય છે, પરમ સત્યના સાર, બ્રહ્મ સત્યના સાર !

## બ્રહ્મસૂત્રોનો પ્રતિસાદ

- કેટલાંય આત્માઓ માટે પરમ ગુરુદેવનું કોઈ એક **quote**, સમગ્ર સંસારને **quit** કરાવીને સંયમ સાધનાની **queue**માં લઈ ગયું.
- કેટલાંય ભાવિકો માટે પરમ ગુરુદેવનો કોઈ એક શબ્દ જીવન પરિવર્તનનું, હૃદય પરિવર્તન - ભાવ પરિવર્તન, પરિસ્થિતિ પરિવર્તન અને ભાવી પરિવર્તનનું કારણ બની ગયું.
- આજ સુધી બ્રહ્મ સત્યને પમાડનારા એવા હજારો **quotes** પ્રગટ કર્યા છે પરમ ગુરુદેવે અને લાખો જીવન એ **quotes**ના વીજ ચમકારની અસરથી પરિવર્તિત થયાં છે.

## પરમ સત્યના સાર, બ્રહ્મ સત્યના સાર !

No Desire,
No Karma

Pure Heart is the
best Religion

Don't waste,
Invest your time

રાખને, તું યાદ રાખ
અને તું શાંતિ રાખ

ખમ,
નહી તો જોખમ!

ગુનો તારો,
ગુનેગાર પણ તું!

इस कान से उस कान,
चहेरे पे मुस्कान!

पुण्य के उदय में
पुण्य को बढ़ाओ

स्वप्न को नहीं,
सत्य को देखो

अन्य के सुख में,
मेरा सुख



# એક અનુરોધ...




Inspired by Rashtrasant Pujya Gurudev Shree Namramuni Maharaj Saheb
SPIT FREE भारत
माँ पर नहीं तो... मातृभूमि पर क्यों थूँके ???

એક મા પોતાના ઉદરમાં સંતાનનો ભાર વહન કરે છે.
એવી જ રીતે આ ભૂમિ પણ આપણો ભાર વહન કરી રહી છે,
માટે જ ભૂમિને પણ માની ઉપમા આપવામાં આવી છે.

## માતૃભૂમિ...
## જો આપણી મા પર ન થૂકી શકીએ તો માતૃભૂમિ પર કેવી રીતે થૂકી શકાય ?

એવા ભાવ સાથે પરમ ગુરુદેવે જન સમુદાયને માતૃભૂમિ પર કદી ન થૂંકવાનો અનુરોધ કરીને Spit Free Bharat અભિયાનની પ્રેરણા કરી.

## પરિણામ

પરમ ગુરુદેવના શબ્દને પથ્થરની લકીર સમજીને
અનુસરનારા હજારો ભાવિકો
જ્યાં - ત્યાં spit કરતાં બંધ થઈ ગયા.
બસ, માતૃભૂમિનું સન્માન જળવાઈ ગયું.



# એક કર્તવ્ય...







રાષ્ટ્રધર્મ મહોત્સવ

**જે ક્ષેત્રમાં આપણે રહેતાં હોઈએ, જે કાર્યક્ષેત્રમાં આપણે કાર્ય કરતાં હોઈએ તે ક્ષેત્રમાં નિષ્ઠાપૂર્વકનું કર્તવ્ય બજાવવું, જે તે ક્ષેત્રના રૂપને અનુરૂપ બનીને રહેવું, તેને પરમાત્માએ ધર્મ કહ્યો છે. જો કોઈ વ્યક્તિ ગૃહસ્થરૂપે છે તો એણે ગૃહસ્થ ધર્મ બજાવવો જોઈએ.** જો કોઈ વ્યક્તિ શિક્ષક છે તો તેનો શિક્ષકધર્મ હોય. એવી જ રીતે જે રાષ્ટ્રમાં આપણે રહેતાં હોઈએ તે રાષ્ટ્ર પ્રત્યેની નૈતિક ફરજ, તે રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા તે **રાષ્ટ્રધર્મ** હોય.

સમાજનો બહોળો વર્ગ, બહોળો સમુદાય જેમને શ્રદ્ધાભાવથી અનુસરી રહ્યો છે, એવા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ એક ગુરુ સ્વરૂપે અનેક અનેક પ્રકારના કર્તવ્યો અને જવાબદારીઓની વચ્ચે પણ રાષ્ટ્ર પ્રત્યેનું પોતાનું કર્તવ્ય નથી ભૂલતાં અને સમય, સંયોગ, પરિસ્થિતિ અનુસાર પોતાનો રાષ્ટ્રધર્મ બજાવી જ લે છે.

- કોરોના મહામારીનો વિષમ કાળ હોય, hospitals અને medical centresમાં કે covid care centreમાં દર્દીઓ માટે bed પણ ઓછા પડી રહ્યાં હોય આવી પરિસ્થિતિમાં રાષ્ટ્રને સહયોગ આપવા માટે પાવનધામ અને પારસધામ જેવા ધર્મસંકુલોને **covid care centreમાં** પરિવર્તિત કરીને સેંકડો દર્દીઓને શાતા- સમાધિ અને નવજીવન પમાડે.
- પરમ ગુરુદેવ દિલ્હી મહાનગરમાં બિરાજમાન હોય. ત્યાં પણ ટૂંકા સમયગાળાની સ્થિરતા અને કાર્યક્રમોની વ્યસ્તતા વચ્ચે પણ સંસદ ભવનમાં પદાર્પણ કરે. **મહાત્મા ગાંધીજીની સમાધિ - રાજઘાટ**ની પણ મુલાકાત કરીને, સદભાવના પ્રસરાવે.
- પરમ ગુરુદેવ પ્રથમવાર કચ્છ ક્ષેત્રમાં નાનકડા પુનડી ગામમાં ચાતુર્માસ બિરાજમાન હોય. એવા સમયે ભારતની સરહદે જાનની બાજી ખેલીને દેશની રક્ષા- સુરક્ષાની જવાબદારી નિભાવતા કચ્છ પ્રાંતના **150થી** વધુ જાંબાઝ સૈનિકો માટે દીપાવલીના દિવસે **'શોર્ય શક્તિ સન્માન સમારોહ'**નું આયોજન કરે અને હજારોની ભરી સભા સમક્ષ એ વીર સૈનિકોની વીરતાનું બહુમૂલ્ય સન્માન કરે.
- ગિરનાર જુનાગઢમાં ચાતુર્માસ બિરાજીત પરમ ગુરુદેવ દ્વારા આગામી દિવસોમાં રાષ્ટ્ર માટે શ્રેષ્ઠ સેવા અર્પણ કરી રહેલાં ગુજરાત સૌરાષ્ટ્રના Doctors, Engineers, Lawyers આદિની સેવાને સન્માનિત કરતો સમારોહ યોજાશે.
- **ફલશ્રુતિઃ એક સંત દ્વારા માતૃભૂમિનું ઋણ અદા થઈ રહ્યું! એક ધર્મસત્તા દ્વારા રાષ્ટ્રસત્તાનું બહુમાન થઈ રહ્યું.**

# એક હૈયાસૂઝ

## ROTI ON WHEELS



**Since 2020**

**1,25,00,000+ રોટી**
**(એક કરોડ પચ્ચીસ લાખથી વધુ)**

રસ્તે રઝળતાં, slum areaમાં રહેતાં, ફૂટપાથ પર જીવન વીતાવતાં કે શ્રમિક વર્ગના લોકોની જિંદગીમાં એક ડોકીયું કરીએ તો જાણીએ કે વર્ષભરમાં કોઈક દિવસે -ભાગ્યે જ એમને ભરપેટ ભોજન મળતું હશે અને એમાં પણ rice, snakes કે અન્ય પદાર્થો તો હજી પણ મળી જતા હોય પણ ભોજનનું મુખ્ય ઘટક એવી રોટલી અને એ પણ ગરમાગરમ ભરપેટ રોટલીઓ મળવાની શક્યતા તો લગભગ નહિવત જ હોય.

આ લોકોને પણ દરરોજ ભરપેટ ભોજન મળી જાય, દરરોજ ગરમાગરમ તાજી રોટલીઓનું પોષણ અને સંતોષ મળી જાય એવી પરમ ગુરુદેવની હૈયાસૂઝ સાથે રાજકોટમાં પ્રારંભ થયો **'Roti on wheels' project.**

પ્રારંભિક તબક્કામાં દરરોજની 10,000 રોટલી બનાવવાની capacity ધરાવતા machinesથી વધીને આજે દરરોજની 1,25,000 રોટલીઓ બનાવવાની capacity ધરાવતા machine સાથે આ project આગળ વધી રહ્યો છે.

## પરિણામ:

- દરરોજ 300થી વધુ રાજકોટના શ્રમિકજનો, slum areaમાં રહેતાં લોકોને મળી રહી છે, સવા લાખથી વધુ ગરમાગરમ તાજી રોટલીઓ !
- આ પ્રોજેક્ટને દાનવીર ભાવિકોનો મળી રહ્યો છે બહોળો પ્રતિસાદ. જેના કારણે માત્ર રોટલીઓ જ નહીં પરંતુ ઉદારદિલ ભાવિકોના સહયોગે હવે full meal પણ આપવામાં આવે છે અને birthday, anniversary, પુણ્યતિથિ જેવા special daysમાં mealની સાથે મીઠાઈ પણ પીરસવામાં આવે છે.
- કોરોના કાળમાં કામકાજ વિના જીવન નિર્વાહ કરવો જ્યાં અશક્ય બની ગયો હતો, એવા સમયે ભરપેટ ભોજન પામીને હજારો લોકો રાહત પામ્યાં.

**બસ, આવતીકાલે હું મારી ક્ષુધાતૃપ્તિ કેવી રીતે કરીશ? આવી ચિંતા કરનારા સેંકડો લોકોને ક્ષુધિતૃપ્તિનો એક આધાર મળી ગયો.**







**+91 9136442491**



# SHREE UVASAGGAHARAM SIDDH PITHIKA

**Since 2007**

## S એક દુરંદેશી...

આ કાળમાં પ્રભુની પ્રત્યક્ષ ઉપસ્થિતિ નથી તો પ્રભુનું સ્મૃતિ સ્થાન હોય. પ્રભુ દૂર છે તો પ્રભુનું ચિન્હ પ્રતીક હોય, જે ભવ્ય જીવો માટે શ્રદ્ધા -આસ્થાનું કેન્દ્ર બનીને એમને પાપથી અટકાવે એમને ભક્તિ ભાવમાં ભીંજવી દે, એમને ધર્મ સાથે, પ્રભુ સાથે જોડી રાખે જે એમના ભાવોની વિશુદ્ધિ કરાવી દે.

**પરમ ગુરુદેવની આવી દીર્ઘ દષ્ટિએ સ્થાપિત થયું....**

**પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યેની ઉત્કૃષ્ટ ભક્તિ સ્વરૂપ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રથી અધિષ્ઠિત, અભિમંત્રિત પટ તે 'સિદ્ધ પીઠિકા !'**

## પ્રતિભાવ...

- હજારો ભાવિકો માટે સિદ્ધ પીઠિકાનું સ્થાન સંકલ્પ સિદ્ધિ અને શ્રદ્ધા ભક્તિનું સ્થાન બની ગયું.
- સેંકડો - હજારો ભાવિકોના જીવન આધિ - વ્યાધિ - ઉપાધિથી મુક્ત બનીને શાંતિ સમાધિથી સમૃદ્ધ બન્યાં.
- જીવનમાં કદી ધર્મક્ષેત્રમાં પગ ન મૂકનારા અનેક ભાવિકો માટે આ સ્થાન નિયમિત દર્શન - ભક્તિનું સ્થાન બની ગયું.

**દેખાતા અને ન દેખાતા અનંત લાભ સાથે બસ, આ સ્થાન ક્ષણ ક્ષણ પ્રભુ ભક્તિનો ગુંજારવ કરીને પ્રભુ પ્રત્યક્ષતાની અનુભૂતિ કરાવી રહ્યું છે.**

## સ્થાપના સ્થાન:

પારસધામ - ઘાટકોપર
પાવનધામ - કાંદીવલી
શ્રી ઉવસ્સગ્ગહરં સાધના ભવન - રાજકોટ
સી. યુ. શાહ ભવન - ચેન્નઈ
જલગાંવ - મુંબઈ

પારસધામ- કોલકાતા
પાવનધામ - હાવડા
પાવનધામ - વડોદરા
પારસધામ - જામનગર




# એક કલ્પના

રાગ- દ્વેષ- માયા- કપટથી ખદબદતાં - તપતપતાં આ સંસારથી દૂર બે ઘડી માટે શાંતિ- સમાધિની શીતલતા આપનારું કોઈ સ્થાન મળી જાય, બે ઘડી પરમાત્માના શરણમાં વિસામો આપનારું કોઈ સ્થાન મળી જાય, શોર -બકોરની આ દુનિયાથી દૂર, આત્માનું ધ્યાન ધરવા માટેનું કોઈ સ્થાન મળી જાય, બે ઘડી દુ:ખીજનોના દુ:ખ દૂર કરવા માટે જ્યાં માનવતાના કાર્ય કરી શકાય, લાચાર અને જરૂરિયાતમંદ જીવોની જ્યાં સેવા કરી શકાય, બાળકોનું સંસ્કરણ કરીને જ્યાં ભાવિના ભગવાનનું સર્જન કરી શકાય, સાધના - આરાધના કરી શકાય, એવું કોઈ સ્થાન હોય, જ્યાં બસ આત્માનું Nourishment અને આત્માનું Purification કરી શકાય !


**એવા એક સ્થાન, એવા એક પવિત્ર ધર્મ સ્થાન, એવા માનવતાના એક મંદિર, એવા એક સાધના સંકુલની પરમ ગુરુદેવના નયનની કલ્પનાનું સાકાર સ્વરૂપ એટલે અનેક ક્ષેત્રોમાં સ્થાપિત થયેલાં જીવદયા - માનવતા અને સાધના - આરાધનાના ધામ !**




શ્રી ઉવસગ્ગહરં સાધના ભવન
રાજકોટ - 2005



PARASDHAM
ઘાટકોપર, મુંબઈ - 2007



PAWANDHAM
કાંદિવલી, મુંબઈ - 2010



PAWANDHAM
વડોદરા - 2011



PARASDHAM
કોલકાતા - 2013



PAWANDHAM
હાવડા - 2013



PARASDHAM
જામનગર - 2015



PARASDHAM
લાઠી - 2022

## ફલશ્રુતિ:

- જીવનમાં કદી પણ ધર્મસ્થાનકમાં પગ પણ ન મૂકનારા એવા આત્માઓ સાથે હજારો ભાવિકો માટે, આ સાધના સંકુલ શ્રદ્ધા - આસ્થાનું કેન્દ્ર બનીને આધિ-વ્યાધિ- ઉપાધિના ઉત્સવ ધામ બની ગયાં, હજારો લાચાર દુ:ખી જીવો માટે સહારો- સથવારો પામવાનું સ્થાન બની ગયાં, અનેક આત્માઓ માટે ભાવિના ભગવાન બનવાનું પરમ નિમિત્ત બની ગયાં !
- બહારથી માત્ર ઈંટ, ચૂનાના બનેલાં મકાન લાગતાં આ સાધના સંકુલની ફલશ્રુતિ અક્ષરોમાં અંકિત ન થઈ શકે.

**બસ, હજારો આત્માઓ માટે અનંત હિતનું અને અનેક ભવ્ય આત્માઓ માટે અનંત સંસાર નિવારણનું કલ્યાણધામ બની ગયાં.**



પરમધામ-પડઘા (મહારાષ્ટ્ર) - 2014



PARASDHAM
ગિરનાર - 2023

PARASDHAM
DUBAI (UAE)

PARASDHAM
USA

## એક બોધ

Sadharmik Help

કોઈને પમાડવું એ જ પામવાનું કારણ છે.

## SADHARMIK SAHAY

## Since 2014



જે પ્રભુને આપણે માનીએ, તે પ્રભુને માનનારા, જે પ્રભુની વાતને આપણે અનુસરીએ, તે પ્રભુની વાતને અનુસરનારા દરેક ભાવિક તે સાધર્મિક બંધુ હોય. સાધર્મિકની સેવા ભક્તિ કરવી, એમને સહાયક બનવું, તે દરેક શ્રાવક માત્રનું કર્તવ્ય જ નથી પરંતુ સ્વયં પ્રભુએ બતાવેલો ધર્મ છે.

પ્રભુના આ બોધને ઝીલીને પરમ ગુરુદેવે પ્રેરિત કરી, જરૂરિયાતમંદ સહ ધર્મીઓ માટેની **સાધર્મિક સહાયની મહાયોજના.**

આ યોજના અંતર્ગત દર વર્ષે હજારો હજારો જરૂરિયાતમંદ સાધર્મિક પરિવારોને અર્પણ થઈ રહી છે અન્ન સહાય, આર્થિક, વૈદ્યકીય અને શૈક્ષણિક ક્ષેત્રની કરોડો કરોડો રૂપિયાની સહાય.

### પરિણામ

- ભૂખ્યાને ભોજન મળ્યા, દર્દીને દવા અને સુશ્રુષા મળી, વિદ્યાર્થીઓને અભ્યાસની અનુકૂળતા મળી, જેને જેની જરૂર હતી તેની જરૂરિયાતની પૂર્તિ થઈ ગઈ.

**બસ, નવકાર ગણનારા અને પ્રભુ મહાવીરને અનુસરનારા હજારો સહધર્મીઓની આંખોના આંસુ લુછાઈ રહ્યાં.**

## SADHARMIK SAHAY UTSAV

પરમ ગુરુદેવ માત્ર સાધર્મિક પરિવારોને સહાય કરવાની જ પ્રેરણા નથી કરતાં પણ સાધર્મિક સહાય ઉત્સવના આયોજનની પ્રેરણા કરી, સાધર્મિક પરિવારોને કર્મ અને પુણ્ય-પાપની સમજ આપી પુણ્ય ઉપાર્જનનું માર્ગદર્શન પણ પ્રદાન કરે છે, એમને સ્વાવલંબી બનવા માટે પ્રેરણા આપે છે.







SAIYAM BHAAV SADHANA

# એક હૃદયનાદ




પ્રભુના વચન અનુસારનું એક પણ જીવન, કદી વ્યર્થ જીવન ન હોય, તે અનંત લાભનું કારણ હોય. પ્રભુએ પ્રરૂપિત કરેલું શ્રેષ્ઠ અને કલ્યાણકારી જીવન તે સંયમ જીવન. સંયમ જીવનની વ્યતિત થતી માત્ર એક ક્ષણ પણ કેટલાંય ભવ સુધી આત્માને સંયમભાવમાં રાખી શકે એવું સામર્થ્ય ધરાવતી હોય.

આજ સુધી થઈ ગયેલાં અનંત તીર્થંકરો પણ ત્યારે જ તીર્થંકર બની શક્યાં છે, જ્યારે તેમણે પણ ગ્રહણ કર્યો, સંયમ સંયમ અને સંયમ !

આત્માનું કલ્યાણ કરાવી દેનારા એવા સંયમના સંસ્કારોના ભવ્ય જીવોની આત્મધરા પર બીજ વાવવાના પરમ ગુરુદેવના હૃદયનાદનો અનુનાદ એટલે સમયે સમયે યોજાતી **ભાવ સંયમ સાધના- ઉપધાન શિબિર.**

**સંસારથી, ઘરથી, સ્નેહી-સ્વજનથી દૂર 11 દિવસ ગુરુના સાંનિધ્યે સાધુ જીવનચર્યાને અનુરૂપ જીવનશૈલી જીવીને આત્માને સંયમભાવથી ભાવિત કરાવનારી અનુપમ સાધના આ શિબિરમાં કરાવવામાં આવે છે.**



## ફલ શ્રુતિ

- આ ઉપધાન શિબિરમાં જોડાઈને સેંકડો ભાવિકોનો ભાવ સંસાર તૂટયો, ભાવિના સંયમ બીજ વવાઈ ગયાં અને કોઈ ધન્ય આત્મા શિબિરથી ભાવિત થઈને સમગ્ર સંસાર ત્યજી વંદનીય સંયમી બની ગયાં.

**બસ, સેંકડો આત્મામાં સંયમ સંયમની ભવિતવ્યતા સર્જાઈ ગઈ.**







# એક હિતચિંતા...

ગૃહસ્થ ધર્મમાં વ્યસ્ત રહેતાં બહેનોનું જીવન શું આમને આમ વ્યતિત થઈ જશે ?
એમનું આત્મકલ્યાણ કેવી રીતે થશે ?
પ્રભુનું જ્ઞાન તેઓને કેવી રીતે મળી શકશે ?
એમના આત્માનું શું થશે ?
તેઓ ધર્મ કેવી રીતે પામશે ?

**ગૃહસ્થધર્મ બજાવતા બહેનો માટેની પરમ ગુરુદેવના હૃદયની હિતચિંતામાંથી સર્જાયું સોહમ મહિલા મંડળ !**

## SOHAM MAHILA MANDAL

**Since 2010**

### Centres :

પારસધામ - પાવનધામ (મુંબઈ)
પાવનધામ - બરોડા
પારસધામ - કોલકત્તા
પારસધામ - રાજકોટ

## ફલ શ્રુતિ

- પ્રભુના જ્ઞાનથી વંચિત એવા અનેક બહેનો આ મંડળના માધ્યમે આગમ જ્ઞાન અભ્યાસથી સમૃદ્ધ બન્યાં.
- માત્ર સંસારલક્ષી કાર્યોમાં પાપબંધ કરતાં અનેક બહેનો આ મંડળના માધ્યમે ગુરુ પરમાત્માની ભક્તિ કરીને, સ્વાધ્યાય કરીને, સાધના-આરાધના કરીને પુણ્યબંધની સાથે સાથે અનંત કર્મોની નિર્જરા કરવા લાગ્યાં.
- માત્ર સાંસારિક પ્રવૃત્તિઓમાં અમૂલ્ય સમયનો વેડફાટ કરનારા બહેનો આ મંડળમાં જોડાઈને માનવતા અને જીવદયાના સત્કાર્યો દ્વારા સમયને સાર્થક કરવા લાગ્યાં.
- આ મંડળના માધ્યમે વિવિધ ક્ષેત્રોમાં બિરાજિત પૂજનીય સંત-સતીજીઓને ઉપકરણ આદિ ઉપધિઓ વહોરાવવાની વૈયવચ્ચ કરતાં કરતાં બહેનો પોતાના જીવનને ધન્ય બનાવી રહ્યાં છે.
- ધર્મક્ષેત્રમાં કાર્ય કરીને જીવન નિર્વાહ કરતાં સેવકો પણ આ મંડળના માધ્યમે આગમ શાસ્ત્રનું જ્ઞાન પામતા થયા.







- આ મંડળ દ્વારા સંયમ Mall જેવા આયોજનથી સેંકડો -હજારો ભાવિકો સંયમી આત્માઓને ઉપકરણો વહોરાવવાનો લાભ પામતાં થયાં.
- ધર્મસંકુલના ભોજનાલયમાં આ મંડળના બહેનો અનાજ આદિ પદાર્થોને જતનાપૂર્વક સાફ કરીને જીવ જતના કરતાં થયાં.







- વિવિધ પ્રકારની કલાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓના માધ્યમે બહેનોને આંતરિક શક્તિઓ અને કલા-કૌશલ્યને બહારમાં ખીલવવાની તક મળી.
- પ્રભુની સમજ અને સત્ય પામતાં પામતાં એમના પરિવારમાં પણ વાદ-વિખવાદ ટળ્યાં, શાંતિ-સ્નેહ અને સમજનું વાતાવરણ સર્જાયું.

**આ ફલશ્રુતિની હારમાળા લાંબી છે પણ સંસારની વચ્ચે હોવા છતાં પણ બહેનોને આત્મકલ્યાણની નવી રાહ મળી ગઈ, સેવા વૈયાવચ્ચની એક નવી દિશા મળી ગઈ અને જ્ઞાનપ્રાપ્તિની એક રોશની મળી ગઈ !**





## સોહમ મહિલા મંડળની પ્રગતિના સોપાન :

- સોહમ વૈયાવચ્ચ group
- સોહમ જતના group
- સોહમ ભક્તિ group
- સોહમ પરમ આરાધના group
- સોહમ પુસ્તક પ્રકાશન group
- સોહમ open book exam group
- સોહમ જીવદયા group
- સોહમ અનુકંપા group
- સોહમ સ્વાધ્યાય group
- સોહમ સાધર્મિક સહાય group
- સોહમ કરસેવા group
- પરમ પધાર્યા પ્રાંગણે group
- સોહમ આગમ વાંચન group
- સોહમ જૈન દર્શન study class
- સોહમ staff class
- સંયમ Mall
- શ્રી ભક્તામર stall

**For joining Soham Mahila Mandal**

+91 9869394675 soham.mahila.mandal@parasdham.org https://parasdham.org/soham-mahila-mandal/

SHASAN PRABHAVAK

# SHASAN PRABHAVAK GROUP

## Since 2008

પંથ વિકટ હોય, માર્ગ કાંટાળો હોય, લોકો પણ અનાર્ય સંસ્કૃતિના હોવાથી કષ્ટો મળવાના જ હોય ! આ બધું જાણતાં હોવા છતાં પ્રભુ મહાવીર, અડાબીડ જંગલમાં, અનાર્ય ક્ષેત્રમાં વિચરણ કરીને અબુધ એવા ચંડકૌશિક સર્પના જીવને પણ બોધ પમાડવા જતાં. જો મારા પ્રભુ આવી કરુણા વરસાવે તો હું પણ વધુને વધુ જીવોને ધર્મ પમાડીશ. સંત-સતીજી વિહોણા દૂર દૂરના ક્ષેત્રોમાં ધર્મ આરાધનાથી વંચિત રહેતાં લોકોને હું પણ બોધ પમાડીશ, પ્રભુનું જ્ઞાન પમાડીશ.

# એક સંકલ્પ

**પરમ ગુરુદેવના આવા એક શુભ સંકલ્પથી સર્જાયું શાસન પ્રભાવક ગ્રુપ !**

**શાસન પ્રભાવકો : 30 +**

**શાસન પ્રભાવનાનો લાભ પામનારા ક્ષેત્રો :**

**ભારતના :**

કોલકાતા, હાવડા, ટાટાનગર, જમશેદપુર, રાયપુર, મદુરાઈ, ગોવા, અમરાવતી, નાસિક, લાતુર, જામનગર, ધારી, રાજકોટ, વડોદરા, ચાસ-બોકારો આદિ.

**વિદેશના :**

USA, UK, મલેશિયા, દુબઈ, મલાકા, નૈરોબી, સુદાન, કેન્યા, યુગાન્ડા, મુમ્બાસા, લંડન આદિ.

આ Groupથી જોડાયેલા ભાવિકોને પરમ ગુરુદેવ દિવસોના દિવસો સુધી ન માત્ર પ્રભુના સિદ્ધાંતોનું પ્રશિક્ષણ આપે પણ સાથે સાથે વસ્ત્ર વિનય, voice modulation, સાધક જીવનશૈલી, ગૌરવવંતી ભાષા પ્રયોગ આદિ અનેક પ્રભાવક પ્રવચનકારને શોભે એવી દરેક બાબતોની special training આપવાનો પુરુષાર્થ કરીને દેશ-વિદેશના સંત-સતીજી વિહોણા અનેક ક્ષેત્રોના ભાવિકોને પર્યુષણ પર્વની, આયંબિલ ઓળીની આરાધના કરાવવા શાસન પ્રભાવક સ્વરૂપે મોકલે.



## ફલ શ્રુતિ

જીવનમાં કદી પણ સંત-સતીજીઓની વાણી ન સાંભળનારા દેશ-વિદેશના હજારો ભાવિકો પ્રભુ વાણીનું શ્રવણ કરીને બોધ પામ્યા.

શાસન પ્રભાવકોના પ્રવચન સાંભળીને શું પુણ્ય, શું યોગ્ય, શું અયોગ્ય, શું ધર્મ, શું અધર્મ એવા સત્યથી અજાણ હજારો લોકો સત્ય પામીને અનેક પ્રકારના પાપ કરતાં અટક્યાં, અનેક પ્રકારની હિંસા કરતાં અટક્યાં, ખોટા કાર્ય કરતા અટક્યાં.

પ્રભુના જ્ઞાનનું ‘ક ખ ગ’ પણ ન આવડતું હોય એવા અનેક લોકો શાસન પ્રભાવકોની પ્રેરણાથી મંત્રો, સ્તોત્રો અને સૂત્રોને શીખ્યાં.

- જીવનમાં કદી નવકારશી જેવું નાનું તપ પણ ન કર્યું હોય એવા અનેક લોકો ચૌવિહાર, ઉપવાસ જેવી તપ સાધનામાં જોડાયા.
- જીવનમાં કદી સુપાત્રદાન ન કરનારા, સાધર્મિક ભક્તિ ન કરનારા અનેક લોકો અહોભાવથી સુપાત્રદાન, સાધર્મિક ભક્તિ કરવા લાગ્યાં.
- શાસન પ્રભાવકો દ્વારા પ્રવચન, વિવિધ પ્રકારની activities, games, quiz, exhibition, practical પ્રયોગો, ભક્તિભીના મહોત્સવ આદિ અનેક પ્રકારે પ્રેરણા અને બોધ આપવામાં આવતાં કેટલાંય ભાવિકો આલોચના- પ્રતિક્રમણ કરીને પાપ વિશુદ્ધિ કરતાં થયાં, કેટલાંય ભાવિકો ધ્યાનસાધના, જ્ઞાન સાધના, સ્વાધ્યાય કરતાં થઈ ગયા. કેટલાય ભાવિકોની મનની પરીણતીઓ પરિવર્તિત થઈ ગઈ. કેટલાય પરિવારોમાં સમજ અને શાંતિનું વાતાવરણ સર્જાઈ ગયું.
- કેટલાંય ભાવિકો વ્યસન મુક્ત બન્યાં, કેટલાય ધર્મપ્રેમી - પ્રભુ પ્રેમી બન્યાં અને કેટલાંય ભાવિકોની આત્મધરા પર ભાવિના સંયમના, ભાવિના ભગવાનપણાના બીજ વવાઈ ગયાં !
- શાસનની પ્રભાવના કરતાં કરતાં સ્વયં શાસન પ્રભાવકોના જીવન સંસારમાં હોવા છતાં પણ સંયમિત બનવા લાગ્યાં.

**બસ, સંસારમાં ભટકતાં અનેક આત્માઓનો તરવાનો યોગ સર્જાઈ ગયો... અનેક આત્માઓમાં સંકેતના અજવાળા પ્રગટી ગયાં !**







**For joining Shasan Prabhavak Group**

+91 9702790000 shasan.prabhavna@parasdham.org https://parasdham.org/shasan-prabhavak-group/

SAMBODHI SATSANG

SAMBODHI SATSANG

Since 2009

# એક ચાહ...

પરમાત્માએ કહ્યું છે, 'सच्चं दुल्लहं' સત્યની પ્રાપ્તિ બહુ દુર્લભ હોય છે. આ સંસારના અનંત અનંત જીવો જ્યારે અજ્ઞાન અને અસત્યના અંધકારમાં જ ભમી રહ્યા છે ત્યારે કોઈક જ પરમ સદભાગી જીવને સત્યની પ્રાપ્તિનો યોગ થતો હોય છે અને સત્યની પ્રાપ્તિનું માધ્યમ હોય છે, સતનો સંગ- સત્સંગ.



ગુરુ અથવા તો પૂજનીય સંત-સતીજીઓની જ્યારે ઉપસ્થિતિ હોય, એમનું પ્રત્યક્ષ સાંનિધ્ય હોય ત્યારે સત્સંગ સહજ હોય પરંતુ એમની અનુપસ્થિતિમાં પણ પરોક્ષરૂપે ભવ્ય જીવોને ગુરુનું સાંનિધ્ય પ્રાપ્ત થાય અને સત્સંગની પ્રાપ્તિ થાય, બોધ વચનનોની પ્રાપ્તિ થાય, સત્યની પ્રાપ્તિ થાય અને તેઓ પણ ભવ સાર્થક કરી જાય એવી પરમ ગુરુદેવના અંતરની ચાહનાએ સર્જાયુ **સંબોધિ સત્સંગ group.**

આ group સાથે જોડાયેલાં ભાવિકો weekમાં એક દિવસ કોઈ એક ભાવિકના આવાસમાં પરમ ગુરુદેવના recorded પ્રવચનનું શ્રવણ કરે, એના પર પરસ્પર વિચાર વિનિમય કરે, ચિંતન-મનન કરે અને પ્રવચનના subject પર quiz, practical પ્રયોગો, PPT આદિ દ્વારા revision કરે અને અંતે દર weekની પ્રાપ્ત થતી પરમ ગુરુદેવની અલગ અલગ પ્રકારની આજ્ઞાનું પાલન કરીને પોતાના દોષોની વિશુદ્ધિ કરે. ઉપરાંતમાં **પરદેશના ભાવિકો માટે પણ weekમાં એકવાર online સંબોધિ સત્સંગ યોજાય.**

**+91 8657484497**



## ફલ શ્રુતિ:

અસત નિમિત્તોની વચ્ચે રહેવા છતાં દેશ- પરદેશના હજારો ભાવિકો સત્‌ની અસરમાં રહેતાં થયા, ભાવોની રમણતા સતત સત્‌માં રહેવા લાગી, કર્મબંધ ઓછા થવા લાગ્યાં, વધુને વધુ આત્મશુદ્ધિ થવા લાગી અને **બસ, આત્મધરા પરથી હળવે હળવે અસત્યના વાદળો ખસી રહ્યાં !**

**+91 8657484483**





# એક વ્યવસ્થા...

**આજની** fast lifeમાં દરેક વખતે videoના માધ્યમે, નિરાંતે બેસીને પ્રભુનો બોધ સાંભળવાની અનુકૂળતા હોય ન હોય પરંતુ કોઈપણ સ્થાને, કોઈપણ કાર્ય કરતાં Audioના માધ્યમે તો કોઈપણ સમયે પ્રભુ વચન સાંભળી શકાય.

પ્રભુનું એક વચન કે એક શબ્દ પણ સાંભળીને કોઈક જીવની અંતરચેતના જાગૃત થઈ જાય તો એનું પણ કલ્યાણ થઇ જાય. એવી પ્રભુવચન શ્રવણની સહજ વ્યવસ્થા માટે ઉપયોગ થાય છે **sound cloudનો !**

Sound cloudના માધ્યમે ભક્તિ ગીતો, પરમ ગુરુદેવના પ્રવચન, એમની સત્ પ્રેરણાઓ, એમના પ્રેરણાત્મક સૂત્રોથી audio દ્વારા સહુને બોધ પમાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે.



## પરિણામ:

**સંસારના પાપકારી કાર્યોની વચ્ચે પણ ભક્તિગીતો અને પ્રવચન શ્રવણમાં ભાવોની રમણતાના કારણે અનેક આત્માઓના ભાવકર્મનો બંધ ઓછો થઈ રહ્યો છે, ભાવશુદ્ધિ થઈ રહી છે અને બસ અબુધ આત્માઓ પણ બોધ પામી રહ્યાં છે.**

સૌજન્ય: શ્રી કેશરબેન નરભેરામભાઈ શાહ

# સંથારા આરાધના





# પરમ ઉપકાર...

Since 2006

કરોડો કરોડોની સંપત્તિ ભેગી કરી હોય, સમાજમાં મોટું સ્થાન, કીર્તિ, પ્રશંસા પામી લીધાં હોય, મિત્રો- સ્વજનોનો સંગાથ પામી લીધો હોય, ચાહે ગમે એવી વૈભવી lifestyleમાં જીવી લીધું હોય, તેમ છતાં પરમાત્મા કહે છે, એમાં મનુષ્ય ભવની અંશમાત્ર પણ સાર્થકતા ન હોય.

પરંતુ, જીવનનો અંતિમ સમય હોય, છેલ્લી ઘડીઓ ગણાતી હોય, શરીરમાં વેદના પણ થતી હોય પરંતુ એ ક્ષણોમાં નજર સમક્ષ ગુરુના દર્શન થતાં હોય, એમના શ્રીમુખેથી અરિહંત પ્રભુના, કેવલી ધર્મના શરણા લેવાતાં હોય, આ ભવના અને ભવભવના પાપ-દોષોની આલોચના થતી હોય, આ ભવના ધન-વૈભવ, સગા - સ્વજન, પ્રેમ- લાગણી અને દેહ પ્રત્યેના મોહનું પણ વોસિરામિ વોસિરામિ થતું હોય અને શરીરની વેદનાને સમભાવે સહન કરીને સંથારાની આરાધના કરતાં કરતાં મૃત્યુને welcome કરીને વિદાય થતી હોય તો પરમાત્મા કહે છે, એનો મનુષ્ય ભવ પણ સાર્થક, એનું મૃત્યુ પણ સાર્થક અને એના ભવોભવ સાર્થક થઈ જાય. કેમ કે, **જેનો અંત સુધરે એનો અનંતકાળ સુધરી જાય.**

ઓલવાઈ રહેલાં દીપકની જીવન જ્યોત કદાચ બુઝાઈ જાય પરંતુ એના આત્મા કોડિયામાં પ્રભુશરણ ભાવનું, દોષ વિશુદ્ધિનું એવું ઘી પૂરી દઉં કે ભવાંતરમાં એની આત્મજાગૃતિની જ્યોત કદી ન બુઝાય. આવી પરમ ગુરુદેવના હૃદયની પામર જીવો પર પરમ ઉપકાર કરવાની ભાવનાના કારણે આજ સુધી સેંકડો આત્મા, પરમ ગુરુદેવના શ્રીમુખેથી સંથારાની આરાધના કરીને પોતાના મૃત્યુને એક મહોત્સવ બનાવી ગયાં.

**તે ધન્યાતિધન્ય આત્માઓની યાદી ઘણી ઘણી લાંબી છે, અહીં સમાવિષ્ટ કરવી શક્ય નથી.**

## ફલ શ્રુતિ

**પરમ ગુરુદેવના આ ઉપકારની ફલશ્રુતિ માત્ર એક જ છે, તે આત્માઓનું અનંત અનંત હિત સર્જાઈ ગયું. અનંતને અલ્પ શબ્દોમાં કદી ન વર્ણવી શકાય, કદી નહીં.**

# તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# મારી ભાવદષ્ટિમાં



**અસીમ ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ !**

**આજ હે ગુરુદેવ !**
**આપ શ્રીને શ્રદ્ધા સહ નમન કરું છું.**

**હે ગુરુદેવ !**
**દેહ અમારો છે... આત્મા તમારો છે,**
**નયન અમારા છે... દષ્ટિ તમારી છે.**

દેખાતું આ વિશ્વ જાણે-અજાણે તમારું છે.
આ અસ્તિત્વમાં જ્યારથી આપનું અસ્તિ્ત્વ સમાયું છે,
એ જ દિવસને અમે **કૃપા** સમજીએ છીએ.

આ પામરને જ્યારે પાવન થવાનો અવસર મળ્યો હતો,
એ ધન્ય ઘડીને... એ ધન્યાતિધન્ય ક્ષણને અમે **અવિસ્મરણીય** બનાવેલ છે.
દેહથી ભલે તમારો દેહ વિદાય પામ્યો હોય,
આત્માથી આત્માનો સાથ અમે સદાય અનુભવ્યો છે.
એટલે જ આ અમારો **પુણ્યોદય** નથી... આ તો આપની **કૃપાની ઝગમગાટ** છે.
અમે તો કોડીયા હતાં, આ જ્યોત તમારી હતી અને **આ પ્રકાશ તમારો** છે.

અમે અમારા હૃદયથી
બસ ! એટલું જ કહીએ છીએ આપ આમારામાં વસીને,
અનાષ્યુપણે આપનું આયુષ્ય વધારો એવી ભાવના ભાવીએ છીએ.

**અમારું આયુષ્ય... અમારું આ જીવન આપનું છે, આપને અર્પણ છે.**

**હે ગુરુદેવ !**
**તમારા ચરણમાં દાસતત્ત્વ મળે અને તમારા ચરણમાં શૂન્યતા મળે,**
**એ જ અભ્યર્થના !**

# એક પ્રેરણા...

## UTSAV



અકબર બાદશાહના સમયની વાત છે. નગરમાં ચંપા સુશ્રાવિકાએ કરેલાં 50 ઉપવાસની આરાધનાની અનુમોદના સ્વરૂપ ભવ્ય શોભાયાત્રા ગાજતી- ગુંજતી રાજમાર્ગ પરથી પસાર થઈ રહી હતી. આ વાતની જાણ થતાં જ અકબર બાદશાહ ન માત્ર ચંપા શ્રાવિકા પ્રત્યે અહોભાવિત થયાં પરંતુ એમની તપશ્ચર્યા નિમિતે નગરમાં 'અમારી પડહ' ની ઘોષણા કરી દીધી. એટલે કે રાજ્યના કતલખાઓમાં થતી પ્રાણીઓની કતલ પર બંધી ફરમાવી દીધી. કેટલાંય જીવોને અભયદાન મળી ગયું જેનું પરમ નિમિત્ત બની શોભાયાત્રા.

ઉત્સવો અને મહોત્સવો માત્ર મનોરંજન માટે નથી ઉજવાતાં પરંતુ જૈન-જૈનેતર દરેકના હૃદયમાં ધર્મની પ્રેરણા, જીવદયાની પ્રેરણા, ત્યાગ - તપશ્ચર્યાની, સદ્‌ભાવના જાગૃત કરવાની પ્રેરણા પ્રસારિત કરવા માટે હોય છે.

વર્ષો પહેલાં ચંપા શ્રાવિકાની શોભાયાત્રાની એ ઘટના પરથી પ્રેરણા લઈને પરમ ગુરુદેવ પણ આખા વર્ષ દરમિયાન ધર્મની પ્રભાવના પ્રસરાવનારા અનેક અનેક ભવ્ય દિવ્ય ઉત્સવો અને મહોત્સવ પ્રેરિત કરતાં હોય છે. ન જાણી ભવિતવ્યતા, એ ઉત્સવોને નિહાળીને કોઈ આત્માની અંતરદ્રષ્ટિ ઉજાગર થઈ જાય !



**ઉત્સવોના એ પવિત્ર રંગરેલા... આત્મજાગૃતિના એ મેળા**

ગુરુભક્તિ મહોત્સવ
Jainism Online Study Course
N Reality
Religion
માનવતા મહોત્સવ
અર્પણતાનો ઉત્સવ
ત્રિમંત્ર સાધના
સત્સંગ
બાલ તપ સન્માન
સમાજરત્ન પદપ્રદાન સમારોહ
ગુરુ સમર્પણ અવસર
શ્રેષ્ઠ (શિક્ષક, શ્રાવક, સંઘ)
શ્રેષ્ઠતા એવોર્ડ સન્માન સમારોહ
ધર્મરત્ન - ધર્મરત્ન
અર્હમ યુવા સંમેલન
ઋણ સ્વીકાર અવસર
ચતુર્દશી આરાધના
સંઘરત્ન એવોર્ડ સન્માન સમારોહ
આત્મ ચૈતન્ય જાગૃતિ
આરાધના અવસર
જ્ઞાનપૂજન
ગુરુપૂર્ણિમા ઉત્સવ
ગુરુભક્તિ મહોત્સવ
ગુરુ સ્મૃતિ સમારોહ
ભગવાન મહાવીર જન્મોત્સવ
પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ
ભાવ પૂજન
શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર
મહાપ્રભાવક
નિર્વાણ અવસર
ભગવાન મહાવીર
જૈનશાળા ઉત્કર્ષ સંમેલન
ઉપકાર અભિવ્યક્તિ સમારોહ
Param Gurudev Untold Story
કેશલૂંચન
વિધિ અવસર
શ્રી ભાગવતી
જૈન દીક્ષા મહોત્સવ
સાધક સેશન્સ
બાલ તપ સન્માન
ઈક્ષુ રસપાન મહોત્સવ
અહિંસા સદભાવના સન્માન અલંકરણ સમારોહ
વર્ષીતપ પારણા મહોત્સવ - પ્રેરણાનો ઉત્સવ
અપૂર્વ શ્રુત પૂજન
જ્ઞાનોત્સવ
ઉપકાર સ્મૃતિ અવસર
આગમ મહોત્સવ
ગુરુ ગૌતમ સ્મૃતિ દિન
આયંબિલ ઓળી
સ્વાદ વિજય સાધના ઉત્સવ
વિહાર વળામણાં
નૂતન વર્ષ મહામાંગલિક મંગલ અવસર
તપસમ્રાટ જન્મ શતાબ્દિ મહોત્સવ
ગુરુગુણદર્શનનો ઉત્સવ
જ્ઞાન પૂજન

## ફલ શ્રુતિઃ

- કોઈ તપસ્વી બન્યાં તો કોઈ દાનવીર બન્યાં, કોઈ સેવાભાવી બન્યાં તો કોઈ અહિંસક અને જીવદયા પ્રેમી બન્યાં, કોઈ પ્રભુપ્રેમી બન્યાં તો કોઈ ધર્મપ્રેમી બન્યાં, કોઈ જ્ઞાન આરાધક બન્યાં તો કોઈ ધ્યાન સાધક બન્યાં, કોઈના પાપ છુટયાં તો કોઈના વ્યસનો છૂટયાં, કોઈ સદ્‌ગુણી બન્યાં તો કોઈ ક્રોધી મટીને શાંત બન્યા અને કોઈ આ ઉત્સવ-મહોત્સવ જોઈને એવા ભાવિત પ્રભાવિત થયાં કે સમગ્ર સંસાર ત્યજી સંયમ માર્ગના આરાધક બની ગયા !
- આ ઉત્સવો તો બસ અત્ર તત્ર સર્વત્ર પ્રભુના ધર્મની વિજયવંતી ધ્વજા પતાકા લહેરાવી ગયાં.







**ઉત્સવોના એ પવિત્ર રંગરેલા... આત્મજાગૃતિના એ મેળા**

પરમ તપોત્સવ
રાત્રિ પ્રવચનમાળા
પારિવારિક પ્રેમ મહોત્સવ
તપ સન્માન સમારોહ
જ્ઞાન
અનુમોદના અવસર
એ મેરે વતન કે લોગોં અનુમોદના અવસર
પરમ એવોર્ડ સન્માન સમારોહ
ચંદનોત્સવ
ગુરુ સેવક સન્માન અવસર
જીવન સાર્થક સન્માન અર્પણ સમારોહ
ધર્મ સેવક સન્માન અવસર
પરમ સંયમોત્સવ
ભક્તિ સંધ્યા
બાળ પર્યુષણ
શ્રી આવશ્યક સૂત્ર - મહોત્સવ
પૂજ્યવર પૂજા અવસર
અહિંસા સદ્‌ભાવ સન્માન સમારોહ
સમૂહ પ્રતિક્રમણ
આરાધના અવસર
પરમોત્સવ
પરમ સેવા ઉત્સવ
બાળ ઉત્સવ
આલોચના અવસર
Live Sessions With NRI
સંઘ સંમેલન
પરમ મંત્રોત્સવ
દીક્ષા અર્પણ અવસર
સંયમ અનુમોદના અવસર
શીશુદર્શન
જ્ઞાન આલોચના
લુક એન લર્ન દીદી વર્કશોપ
પરમ જ્ઞાન ઉત્સવ
જૈન એકઝિબીશન
તપસમ્રાટ
મેરે હૃદયમેં
શ્રી સંઘ શુભેચ્છા સદ્‌ભાવના અવસર
શ્રાવક
પરમ ભક્તિ ઉત્સવ
સંઘ સન્માન અવસર
સ્મરાંજલિ સમારોહ
માડી તારી યાદ
મહિલા શક્તિ સંમેલન
મહા માનવતા મહોત્સવ
શીશુ દર્શન

શ્રી ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ

Since 2001

માનવ જીવનનું અમૃત તે 'ભક્તિ' હોય. ભક્તિ ચાહે પ્રભુની થાય, ગુરુની થાય કે ઉપકારી તત્ત્વની થાય પણ ભક્તિમાં એ શક્તિ છે આત્માને પરમાત્મા બનાવવાની, પામરને પરમ બનાવવાની, કથીરને કંચન બનાવવાની અને ભોગીને પણ ભગવાન બનાવવાની.

# એક મહેચ્છા

**પ્રભુની ભક્તિમાં વધુને વધુ આત્માઓ જોડાય, એમની પણ આત્મશુદ્ધિ થાય, એમનો પણ ભવ સાર્થક થાય એવી પરમ ગુરુદેવના હૃદયની મહેચ્છાને જીવંત સ્વરૂપ મળ્યું ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપનું !**

## સમસ્ત ભારતના વિવિધ ક્ષેત્રોમાં

**પંચમ આરાના આ દુષમ કાળમાં મોટી-મોટી કોઈ સાધના થાય ન થાય, કોઈ ઉગ્ર તપ આરાધના થાય ન થાય પરંતુ આત્માની શુદ્ધિ અને આત્મ કલ્યાણનું આ કાળમાં કોઈ શ્રેષ્ઠ માધ્યમ હોય તો તે છે ભક્તિ.**



શાસ્ત્રોમાં વાત આવે છે, પ્રભુની કે ગુરુની ભક્તિ કરતાં કરતાં જઘન્ય રસ ઉપજે તો કર્મની ક્રોડો ખપી જાય અને જો ઉત્કૃષ્ટ રસ ઉપજે તો જીવને તીર્થંકર નામ ગોત્રકર્મનો શુભ બંધ થઈ જાય. રાવણ અને સુલસા શ્રાવિકા આદિ ઇતિહાસના અમરપાત્રો આ વાતની સાક્ષી પૂરી રહ્યા છે.

## પાર્શ્વનાથ પ્રભુની ભક્તિના સાદનો પ્રતિસાદ

- સર્વત્ર સામુહિક ભક્તિના પવિત્ર આંદોલનો પ્રસરાઈ રહ્યાં.
- સેંકડો ભાવિકો કર્મ નિર્જરા અને આત્મશુદ્ધિ કરી રહ્યાં.
- સેંકડો ભાવિકો સામૂહિક શુભ કર્મનો બંધ કરી ધન્ય બની રહ્યાં.

**અને બસ, પ્રભુ પોકારનો,**

**તા દેવ.. તા દેવ.. તા દેવ.. નો દિવ્ય નાદ ગુંજી રહ્યો !**



**+91 9833978803**

# VISION 2020:
# Since 2014



## એક માર્ગદર્શન

V

વર્તમાનથી પાર એવા ભવિષ્ય સુધી ગમન કરી શકનારી એટલે કે, ભવિષ્યને દેખી શકનારી દૃષ્ટિ એ પારગામી દૃષ્ટિ હોય. એવી પારગામી દૃષ્ટિના ધારક પરમ ગુરુદેવ વર્તમાન જૈન સમાજની વિચારધારા અને ભવિષ્યની શક્યતાઓને નિહાળીને સંઘ-સમાજ -સંપ્રદાય અને શાસન વિકાસલક્ષી પાંચ- દસ વર્ષ પછીનું જે vision આપ્યું તે vision 2020 વિચારધારા શિબિર !

પરમ ગુરુદેવના સાંનિધ્યે દર વર્ષે આયોજિત થતી આ વિચારધારા શિબિરમાં પારસધામ, પાવનધામ, પરમધામ આદિ ધર્મ સંકુલના પદાધિકારીઓ અને વિવિધ missions સાથે જોડાયેલાં ભાવિકોને પરમ ગુરુદેવ દ્વારા 5-10 વર્ષ પછીના સમયને અનુલક્ષીને વિકાસ કાર્યોનું- માર્ગદર્શન આપવામાં આવે છે.

### પરિણામ:

એક યોગ્ય પદાધિકારી સ્વરૂપે અનેક આત્માઓ નમ્ર બન્યાં, વિનયવાન બન્યાં, પુરુષાર્થશીલ બન્યાં, ધર્મ પ્રેમી, શાસન પ્રેમી બન્યાં. નવી યોજનાઓ, નવા પ્રકલ્પો, અવનવા આયોજન દ્વારા શાસનની બહોળી પ્રભાવના થઈ, સમાજનો બહોળો વર્ગ ધર્મભાવમાં જોડાયો, નવા અનેક ભાવિકો ધર્મક્ષેત્રમાં સાધના-આરાધના કરતાં થયાં. બાળકો અને યુવાનોને પણ સ્વ વિકાસનું એક યોગ્ય platform મળી ગયું, **અને બસ, પ્રભુની વિદાય થતાં, અધૂરા રહી ગયેલા શાસનના અનેક અનેક કર્યો થવા લાગ્યાં !**

WE JAIN
ONE JAIN

# Since 2020

## એક અમીદૃષ્ટિ

W

કોરોનાનો સમય હોય, સર્વત્ર ભય અને નિરાશાનું વાતાવરણ છવાયેલું હોય, ધર્મક્ષેત્રના દ્વાર પણ સૂના સૂના દેખાતાં હોય, ધર્મ સાધના કરવા કે પ્રભુવાણીનું શ્રવણ કરવા માટે પણ ધર્મક્ષેત્રમાં જવાની કોઈ શક્યતા ન હોય, એવા સમયે 'સવ્વે જીવ કરું શાસન રસી', સર્વના કલ્યાણની અને અનેકતામાં એકતાની પરમ ગુરુદેવની અમીદૃષ્ટિએ launch થયો **We Jain One Jain programme** !

દેશ- પરદેશના 125થી પણ વધારે સ્થાનકવાસી જૈન સંઘો સાથે જૈન જાગૃતિ સેન્ટર્સ, જૈન સોશિયલ groups અને જૈનમ group જોડાયા.

### પરિણામ:

- પ્રતિદિન અઢી લાખથી વધુ ભાવિકો ગુરુજ્ઞાનવાણીથી ભાવિત થયા.
- પૂજ્ય શ્રી પરમ મહાસતીજીઓના દરરોજના 8- 8 sessions દ્વારા વિદેશના હજારો ભાવિકો પ્રભુનો બોધ પામ્યાં.
- એક સાથે,એક જ સમયે **25 લાખથી** વધુ ભાવિકોએ કરી પ્રતિક્રમણની આરાધના.
- એક સાથે **70,000થી વધુ** ભાવિકો એ અંગિકાર કરી શ્રાવક દીક્ષા.
- **1000થી વધુ** ભાવિકો એ કરી 8 ઉપવાસ, 9 ઉપવાસ, 30 ઉપવાસની ઉગ્ર તપસ્યા.

**બસ, હજારો જૈન એક છત્ર નીચે એકત્રિત થયાં.**

# WEBSITE
## Since 2007

# એક Sight




રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના વ્યક્તિત્વ, એમના દ્વારા પ્રેરિત અનેક missions, એમના સાંનિધ્યમાં આયોજિત થતાં મહોત્સવો - કાર્યક્રમો, upcoming programmes, એમના દ્વારા થતું રહેતું શ્રેષ્ઠ સર્જન, એમના શિષ્ય પરિવાર, એમનો સંપ્રદાય, એમના દ્વારા પ્રેરિત પારસધામ, પાવનધામની પ્રવૃત્તિઓ આદિ અનેક બાબતોની સંપૂર્ણ માહિતી આપતી એક site એટલે **Parasdham Website !**

દીક્ષા મહોત્સવ હોય કે, આગમ મહોત્સવ, પ્રવચન હોય કે ભક્તિ સ્તવના હોય, માનવતાના કાર્યો હોય કે સાધના - આરાધનાના અનુષ્ઠાનો હોય, કાંઈ પણ જાણવું હોય બસ એક visit **Parasdham Website**ની !

**Result:**

- Worldના કોઈપણ ખૂણામાં બેઠેલી કોઈપણ વ્યક્તિ પરમ ગુરુદેવ તેમજ પારસધામ અંગે દરેક રીતે માહિતગાર બની રહી છે, માત્ર એક click કરીને.

**બસ, એક webની જેમ worldwide વિસ્તરી રહી છે આ Website.**




# WhatsApp
## એક Group
## Since 2014

**57799 Users**

School boy હોય કે college boy, young generation હોય કે old generation હોય, મમ્મી- પપ્પા હોય કે દાદા- દાદી હોય કે businessman હોય, શાકવાળાભાઈ હોય કે દૂધવાળાભાઈ હોય, આજના સમયમાં દરેકે દરેક વ્યક્તિના જીવનનું એક અવિભાજ્ય અંગ હોય તો તે છે **'WhatsApp!'**

Worldwide ભાવિકોને પરમ ગુરુદેવના સાંનિધ્યમાં થતાં programmesની glimpses, reports, videos, upcoming programmesના updates, News અને નવી નવી પ્રેરણા આપીને એમને તત્ત્વથી જોડી રાખતું એક group એટલે WhatsApp!

Experience Divinity on

WhatsApp
Indian Users :+91 7977555502

WhatsApp
International Users: +91 7977555507

# YouTube
## PARASDHAM TV

# એક યુક્તિ... Y

## Since 2012

પ્રભુ મહાવીરે એક ચિંતનીય સૂત્ર આપ્યું છે, **જે આસવા તે પરીસવા!** એટલે કે, જે આશ્રવનું કારણ હોય તે જ નિર્જરાનું કારણ પણ બની શકે. એટલે જે પાપબંધનું કારણ હોય તે જ પુણ્યબંધ કે કર્મક્ષયનું પણ કારણ બની શકે.

આ કાળમાં modern technology જ્યાં અનેકો માટે જીવનની બરબાદીનું અને પાપબંધનું અભિશાપ બની રહી છે, ત્યાં એ જ modern technologyને **ધર્મપ્રાપ્તિના, જ્ઞાનપ્રાપ્તિના, સત્યપ્રાપ્તિના અને પુણ્ય** બંધના આશીર્વાદ બનાવી લેવાની **પરમ ગુરુદેવની યુક્તિથી YouTube જેવા social media પર launch થયું Parasdham TV!**

**Joined:** Aug 31st, 2012


**Views:** 34,599,840 / 34.6M


**Subscribers:** 107,247 / 107K


**Watch Time:** 4.3M

**Countries watching:** 175


**Videos:** 2.3K




YouTubeના માધ્યમે **પરમ ગુરુદેવના LIVE પ્રવચન**, LIVE **કાર્યક્રમો, શિબીરો, ધ્યાન સાધના, આગમ વાંચના, જપ સાધના, માંગલિક વચનો, પચ્ચક્ખાણ વિધિ, પ્રેરણાત્મક messages, પ્રતિક્રમણ આરાધના વિધિ, સાંજી સ્તવના આદિને** upload કરવામાં આવે છે.










## પરિણામ

- ધર્મ ક્ષેત્ર સુધી પહોંચી ન શકનારા લાખો ભાવિકોને ઘરે બેઠાં પ્રભુવાણી શ્રવણનો લાભ મળ્યો.
- વ્યર્થના videos જોવામાં સમયને વેડફી દેનારા અનેક ભાવિકો Parasdham ના programmes જોઈને સમય સાર્થક કરવા લાગ્યા.
- માત્ર videoના માધ્યમે અનેક આત્માઓ ગુરુ તત્ત્વ સાથે, પરમ તત્ત્વ સાથે જોડાઈ ગયા.

**zoom LIVE**

**Since 2020**

# એક ઉકેલ...

દેવલોકના દેવોને ઊંચે આકાશમાં બેઠા-બેઠા મન થાય કે પ્રભુના સમવશરણમાં જઈને એમના દર્શન કરવા છે, મનની જિજ્ઞાસાઓનું સમાધાન પામવું છે તો તેઓ દેવ વિમાનમાં બેસીને secondsમાં પ્રભુના સમવશરણમાં પહોંચી જાય.

**પણ અમેરિકામાં બેઠાં-બેઠાં કોઈ ભાવિકને કે પછી ધર્મક્ષેત્ર સુધી પહોંચી ન શકનારા ભાવિકોને મન થાય કે, મારે ગુરુ દર્શન કરવા છે, એમની વાણી સાંભળવી છે, મારા પ્રશ્નોનું સમાધાન પામવું છે, તો શું કરવું ?**

**Technologyના ઉપયોગ સાથે પરમ ગુરુદેવે આનો ઉકેલ આપતાં...**

**પ્રારંભ થયાં zoom LIVEના sessions!**

**33 countries**ના લાખો ભાવિકોને ઘરે બેઠાં બેઠાં ગુરુ દર્શન, સંત-સતીજી દર્શન, પ્રવચન શ્રવણ, ભક્તિ સ્તવના, પર્વાધિરાજ પર્યુષણ આદિ મહોત્સવના કાર્યક્રમો, સાધના આરાધનાના અનુષ્ઠાનો તેમજ ગુરુ સાથે **face to face meet** કરવાની સુવિધા અને લાભ **zoom LIVE**ના માધ્યમે મળી રહ્યાં છે.

## પરિણામ:

લાખો લાખો ભાવિકો **ધર્મબોધ, ધર્મ શ્રવણ, ધર્મ અનુષ્ઠાન, ધર્મ મહોત્સવ, ધર્મ આરાધના, ગુરુ દર્શન, સંત દર્શન** અને **સત્સંગ** જેવા અનેક લાભ પામીને ધન્યાતિધન્ય બની રહ્યાં છે.

**zoom**

**33 Countries**

# ગુણોનો જન્મોત્સવ

**કરુણા**

**વાત્સલ્ય**

ઓ પરમ ગુરુદેવ !
આપનો જન્મોત્સવ, માનવતા મહોત્સવ !
એ તો અમારા હૃદયમાં માનવતાને જન્માવી, ગુણોને પ્રગટાવવાનો ઉત્સવ છે !

**ગુરુદેવ ! એક ભૂખ્યા ગરીબ બાળકના મુખમાં મિઠાઈનો ટુકડો મૂકતાં,**
**અજાણતાં જ જે વાત્સલ્ય પ્રગટી જાય છે, તે જ તો ગુણ હોય છે ને ગુરુદેવ !**

**ગુરુદેવ ! અજાણી, દુ:ખી અને નિરાધાર વ્યક્તિને પાસે બેસાડી, એના પર પ્રેમ વરસાવતા,**
**અજાણતાં જ જે અકારણ કરુણા ભાવ પ્રગટી જાય છે, તે પણ તો ગુણ જ હોય છે ને ગુરુદેવ !**

અમારા હૃદયમાં આવા ગુણોનું પ્રાગટ્ય કરાવી, આપના ગુણો સાથે અમારા ગુણોનું connection કરાવી
અમારી આત્મયાત્રાને સફળ અને સાર્થક બનાવનાર અમારા આત્મિય હે ગુરુદેવ !

**આપના 53rd જન્મોત્સવ અવસરે...**
**અમારી વારંવાર વંદના... અગણિત અભિવંદના...**
**શુભ ભાવોની શુભેચ્છા વંદના !**

**સૌજન્ય : શ્રી ગુરુભક્ત પરિવાર, ઘાટકોપર**



Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2023-2025 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2023-2025
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-9-2023




ગિરનારની ધન્ય ધરા પર... પારસધામ ગિરનારના આંગણે

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે

મુક્તાવલી ઉગ્રતપ આરાધિકા – 285 ઉપવાસ કરનાર

22 વર્ષના સાધ્વીરત્ના મહાતપસ્વી

પૂજ્ય શ્રી પરમ વિશુદ્ધિજી મહાસતીજીને ગૌરવશાળી

# વર્લ્ડ રેકોર્ડ એનાયત

- જૈન સાધ્વીરત્નાને પારણા કરાવી ધન્ય બન્યાં 18 જ્ઞાતિના ભાવિકો !
- સમગ્ર ગોંડલ સંપ્રદાયે અર્પણ કર્યું ‘મહાતપસ્વી’નું ગૌરવવંતુ બિરૂદ !
- સેંકડો ભાવિકોએ કર્યાં આજીવન ફ્રિજના ઠંડા પાણી ન પીવાના પ્રત્યાખ્યાન !
- હજારો ભાવિકો માટે નવકારશી ભોજન અને પ્રભાવનાનો લાભ લીધો શ્રી કાંકરીયા પરિવારે !
- દેશ-વિદેશના લાખો જૈન-જૈનેતર ભાવિકો ‘મહાતપસ્વી’ ની અનુમોદના કરી અહોભાવિત થયા !



From : DEEPAK K. BHAYANI - 202, Satellite Building, Opp. Mistry Complex, J. B. Nagar, Andheri (East), Mumbai - 400 099